**સુવિચાર**

''એવા લોકોથી સાવધ રહેવું, જે આપણને એની જરૂરિયાત અને અનુકુળતા મુજબ પોતાનાં માને છે.''

:: સૌજન્ય ::

**નિલકંઠ જવેલર્સ** (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૬/૦૮/૨૦૨૫, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

amreli express

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



SINCE 1999
હરિ ૐ PENDAWALA
Ganesh Chaturthi
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099



તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ ભાદરવા સુદ-૩ વર્ષ : ૧૬ અંક : ૨૧૬


## વરૂડી ગામ તરફ જતાં જગુપુલ નજીક બનાવ બન્યો

# એ...એ...એ ગઈ : અમરેલી નજીક કાર ચેકડેમમાં ખાબકી

**સામેથી આવી રહેલ ટ્રક સાથે ટક્કર ન થાય તે માટે કાર ચાલકે સ્ટીયરીંગ ફેરવતા કાબુ ગુમાવ્યો**

**કાર સીધી જ નજીકનાં ચેકડેમમાં ખાબકી હતી : સદ્નસીબે કારચાલકનો બચાવ થયો**

**કારચાલકને તરતા આવડતું હોય તેઓ તુરત જ તળાવમાંથી બહાર આવી ગયા**

**સ્થાનિક તંત્રએ કાર બહાર કાઢવા માટે ભારે જહેમત ઉઠાવી**



અમરેલી, તા. ૨૫

અમરેલી નજીક વરૂડી ગામ તરફ જતાં રોડ ઉપર આવેલા જગુપુલ પાસે ગઈકાલ મોડી રાત્રે એક ગંભીર દુર્ઘટના બની હતી. જેમાં એક કાર જગુપુલ પાસેથી પસાર થતી હતી ત્યારે સામેથી આવી રહેલા એક ટ્રક સાથે ટક્કર ન થાય તે માટે કાર ચાલકે કારને કાવો મારતાં કારના સ્ટીયરીંગ ઉપર સંતુલન ગુમાવતાં કાર સીધી પાણી ભરેલ ચેકડેમમાં ખાબકી ગઈ હતી. આવી પરિસ્થિતિ વચ્ચે કાર પાણીમાં ગરકાવ થવા લાગી હતી. ત્યારે કાર ચાલકે હિંમત બતાવી પોતાને પાણીમાં તરતા આવડતું હોવાથી તે તાત્કાલિક પાણીમાં કુદી પડી અને પોતાની જાતનો જીવ બચાવ્યો હતો.

આ બનવાની જાણ આસપાસના લોકોને થતાં લોકો બનાવ સ્થળે એકઠા થઈ જતાં તરત જ મદદરૂપ બનતાં કાર ચાલક સુરક્ષિત રીતે બહાર આવી શકયા હતા. જો કે કાર સંપૂર્ણપણે પાણીમાં ડૂબી જવા પામેલ હતી.

તાજેતરમાં ભારે વરસાદ વરસ્યો હોય જેના કારણે નદીઓ, તળાવો અને ચેકડેમોમાં પાણી છલકાઈ રહ્યું છે. ત્યારે અમરેલી નજીક આવેલ જગુપુલ પાસે આવેલા આ ચેકડેમમાં પણ પુરતા પ્રમાણમાં પાણી ભરાયેલું હોવાથી કાર પાણીમાં ગરકાવ થઈ ગઈ. બાદમાં સ્થાનિક તંત્ર દ્વારા પાણીના પ્રવાહમાંથી કારને બહાર કાઢવા માટે સતત પ્રયાસો કરવામાં આવ્યા હતા.

આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ના હોય કાર ચાલક સુરક્ષિત બહાર આવી જવા પામેલ હોય પરંતુ કારના સંપૂર્ણ નુકસાન સાથે ચાલકને ભારે આર્થિક ખોટ સહન કરવી પડી છે. પોલીસ દ્વારા ઘટનાની તપાસ હાથ ધરાઈ છે અને ભવિષ્યમાં આવી દુર્ઘટનાઓ ન બને તે માટે વાહનચાલકોને સાવચેતી રાખવા અપીલ કરવામાં આવી છે.

## જિલ્લાભરમાં આ પ્રકારનુ દુષણ હોય તટસ્થ તપાસ જરૂરી

# બાબરા પંથકમાં સરકારી અનાજનો જથ્થો અમુક કાર્ડધારકો આર્થિક લાલચે વેચી મારતા હોવાની ચર્ચા

**જરૂરિયાતમંદોને જ સરકારી અનાજ મળે તેવુ આયોજન જરૂરી**

બાબરા, તા. ૨૫

કેન્દ્ર સરકાર દ્વારા નેશનલ ફૂડ સિકયુરીટી કાયદા અન્વયે કોરોના મહામારી સમયથી ગરીબ રાશનકાર્ડ ધારક પરિવાર માટે મફત અનાજ વિતરણ વ્યવસ્થા હાથ ધરી છે જેમાં બાબરા તાલુકામાં મફત મળેલા અનાજના મોટા વેપાર માટે સરકારી તંત્રની મીઠી નજરથી નફાખોરો પોતાનું


**અનુસંધાન પાના ૬ ઉપર**



**નારી હોસ્પિટલ**
ડો. ચિરાગ કુબાવત M.B.D.G.O.
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
naarihospitalamreli@gmail.com

**હોસ્પિટલ માટે સ્ટાફ જોઈએ છે**

:: રીસેપ્શનિસ્ટ ::
(કમ્પ્યુટર / ધો. ૧૨ પાસ) (લેડીઝ-૨)
પગાર ધોરણ : 5,000-7,000

:: કમ્પ્યુટર ઓપરેટર :: (લેડીઝ-૨)
ડેટા એન્ટ્રી, સોફટવેર શીટ એન્ટ્રી, મેડીકલ સ્ટોક મેનેજમેન્ટ, તેમજ ઓનલાઈન પ્રિસ્કીપ્શન રાઈટીંગ માટે અનુભવી
પગાર ધોરણ : 5,000-7,000

:: સમય ::
સવારે : ૯ : ૦૦ થી બપોરે ૩ : ૦૦
બપોરે : ૩ : ૦૦ થી રાત્રીના ૧૦ : ૦૦

ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું ફોન કરવો નહીં



**૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ**

**90,200/-** (૧૦ ગ્રામ)

રહેલ તા. ૨૫/૦૮/૨૦૨૫ ના રોજ

હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સએપ ડીપી જોવો
63549 73131

**બાલમુકુંદ** જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬



**ધારાસભ્યશ્રી જનકભાઈ તળાવીયાનો ખુબ ખુબ આભાર**

લાઠી - બાબરા વિધાનસભાના લોક લાડીલા, ખંતિલા ધારાસભ્યશ્રી જનકભાઈ તળાવીયા દ્વારા બાબરા તાલુકાના વાંડળીયા ગામે ૩.૧૫ કરોડનાં ખર્ચે માઈનોર બ્રિજ ( પુલ ) રાજય સરકારમાંથી મંજુર કરાવતા વાંડળીયા - હરસુરપુર દેવળીયા ગામને જોડતા આ બ્રિજ ( પુલ ) થી બન્ને ગામની સુખાકારી તથા સુવિધામાં વધારો થતા વાંડળીયા ગ્રામ પંચાયત તેમજ સમગ્ર ગામનાં લોકો, સ્થાનિક અગ્રણીઓ દ્વારા ધારાસભ્યશ્રીનો જાહેર આભાર વ્યકત કરીએ છીએ..



:: આપના આભારી ::



**શ્રી લલિતભાઈ વેકરીયા**
સરપંચશ્રી : વાંડળીયા ગ્રામ પંચાયત
તેમજ સમગ્ર પંચાયત પરિવાર
તથા ગ્રામજનો
મું. વાંડળીયા તા.બાબરા, જી.અમરેલી



**ફિઝિશિયન વિભાગ**
- હૃદયના એટેકની સારવાર.
- તમામ પ્રકારની ઝેરી દવાઓ (પોઈઝન), વીંછી, સર્પદંશ તથા કોઈપણ પોઈઝનને લગતી ઈમરજન્સી સારવાર ઉપલબ્ધ.
- ક્રીટીકલ અને આઇ. સી. યુ. ના દર્દીની સારવાર
- બધા પ્રકારના વા ની સારવાર
- બ્લડ પ્રેશર અને ડાયાબિટીસનું નિદાન અને સારવાર.
- ડેન્ગ્યુ,મેલેરીયા, ટાઈફોઈડ તથા તમામ પ્રકારના તાવનું નિદાન અને સારવાર.
- ન્યુમોનિયા, ટીબી, શ્વાસ(દમ) તથા ફેફસાના રોગોનું નિદાન અને સારવાર.
- પેટના રોગો, ઝાડા, ઉલટી,કોલેરા વગેરે રોગોનું નિદાન અને સારવાર આધાશીશી,
- અનિંદ્રા, બેચેની, ચક્કર,શરીરની નબળાઈ (weakness), ખાલી ચડવી, નસના દુખાવા તથા કોરોનાનું નિદાન અને સારવાર.
- પેરાલીસીસ (લકવો) નું નિદાન અને સારવાર તથા ખેંચની સારવાર ઉપલબ્ધ.
- કિડનીના રોગો, લીવરના રોગો, થાઈરોઈડ, કમળો,સંધીવા વગેરે રોગોનું નિદાન અને સારવાર રાહત દરે ઉપલબ્ધ.



**ઉપલબ્ધ સુવિધા**
અતિ આધુનિક સુવિધાયુક્ત આઈ.સી.યુ તથા વેન્ટિલેટરની સુવિધા | એક્સ-રે તથા ઇ.સી.જી. મેડિકલ સ્ટોર | લેબોરેટરી | 24x 7 તાત્કાલિક સારવાર | એમ્બ્યુલન્સની સુવિધા

24x7 Emergency Services

**NETRA CHIKITSA TRUST**
MULTI SPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust Amreli



**ડૉ. મનીષ કુમાર**
(MBBS., M.D. Medicine)
Consultant
Physician & Cardio- Diabetologist

નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ (ગોળ દવાખાનુ)
મલ્ટિ સ્પેશિયાલીટી હોસ્પિટલ
એન.સી.ટી કેમ્પસ, ચિતલ રોડ,
અમરેલી ૩૬૫૬૦૧ ગુજરાત ઇન્ડિયા.
ફોન : (૦૨૭૯૨) ૨૨૩૯૯૯

# અમરેલી નજીક આવેલું ગોકુળીયુ ગામ એટલે ''ઈશ્વરીયા''



અમરેલી નજીક આવેલું ઈરિયા ગામ આજે સમગ્ર તાલુકામાં શ્રેષ્ઠ ગામ તરીકે ઓળખાય છે. ભૌતિક સુવિધાઓથી લઈને આધુનિક વ્યવસ્થા સુધી આ ગામે પોતાની આગવી ઓળખ ઉભી કરી છે. અહીંના લોકોની એકતા, ગ્રામ પંચાયતની દુરંદેશી દ્રષ્ટિ અને સમયસર થયેલા વિકાસ કાર્યોને કારણે ઈરિયા ગામને '૧૦૦ ટકા સમ્રાટ ગામ' કહેવાય છે.

**આધુનિક સુવિધાઓથી સજ્જ ગામ**

ઈરિયા ગામની સૌથી મોટી વિશેષતા એ છે કે અહીં ગામની અંદર તમામ માર્ગો આરસીસી અને ડામર રોડથી પાક્કા બનાવવામાં આવ્યા છે. રોડ પર પેવર બ્લોક પણ નાખવામાં આવ્યા છે, જેના કારણે વરસાદી ઋતુમાં પણ ગામમાં પાણી ભરાવાની સમસ્યા ઉભી થતી નથી. રસ્તાઓની બાજુએ બેસવા માટેના આંકડા મૂકવામાં આવ્યા છે જેથી ગામવાસીઓ તથા મહેમાનો આરામથી બેસી શકે. બસ સ્ટેન્ડ પણ આધુનિક સુવિધાઓથી સજ્જ છે. મુસાફરો માટે શેડ, બેસવાની વ્યવસ્થા અને સ્વચ્છતા પર ખાસ ધ્યાન આપવામાં આવ્યું છે. આથી ઈરિયા ગામ પરિવહન સુવિધાઓમાં પણ આગવું સ્થાન ધરાવે છે.

**સુરક્ષા અને પ્રકાશની સુવિધા**

ગામની અંદર સુરક્ષા માટે સીસીટીવી કેમેરા સ્થાપિત કરવામાં આવ્યા છે. આથી ગામના દરેક ખૂણાની દેખરેખ રાખવામાં સરળતા રહે છે અને ગુનાહિત પ્રવૃત્તિઓ પર નિયંત્રણ રહે છે. રાત્રિના સમયે આખું ગામ વીજળીના દીવડાઓથી ઝગમગતું રહે છે. દરેક મુખ્ય રસ્તા પર એલઈડી લાઈટસ લગાવવામાં આવી છે જેથી અંધારૂં કયાંય જોવા મળે નહીં.

**કુવા, બગીચા અને સમુદાય હોલ**

ઈરિયા ગામે જૂનવાણી કુવાઓનું રીનોવેશન કરીને તેમને પુનઃ પ્રાણ આપ્યો છે. આ કુવાઓને આજના સમય માટે આકર્ષક બનાવીને પાણીના સ્ત્રોતોને જાળવવામાં આવ્યા છે. ગામના મધ્યભાગમાં કોમ્યુનિટી હોલ બનાવવામાં આવ્યો છે જે ગામના લોકો માટે લગ્ન, ધાર્મિક પ્રસંગો કે સામાજિક કાર્યક્રમો માટે ઉપયોગી સાબિત થાય છે. બગીચા પણ આ ગામની એક અનોખી ઓળખ છે. બાળકો રમવા માટે રમતોની વ્યવસ્થા, વૃદ્ધો માટે બેસવા માટેની વ્યવસ્થા તથા હરિયાળીનું સૌંદર્ય ગામને શોભાવે છે.

**પર્યાવરણ પ્રત્યે જાગૃતિ**

ઈરિયા ગામના લોકો માત્ર વિકાસ સુધી સીમિત નથી રહ્યા, પરંતુ પર્યાવરણ જાળવણી પર પણ ખાસ ધ્યાન આપે છે. દરેક વૃક્ષ પર ચકલી અને પક્ષીઓ માટે પાણી પીવા માટેના કુંડા મુકવામાં આવ્યા છે. ઉનાળાની ઋતુમાં પક્ષીઓને જીવદાતા રૂપે આ કુંડા કામ આપે છે. ગામની અંદર હરિયાળી જાળવવા માટે નિયમિત પાણી આપવાની અને નવા છોડ વાવવાની કામગીરી કરવામાં આવે છે. આથી ગામનું વાતાવરણ શુદ્ધ અને તાજગીભર્યુ રહે છે.

**સાંસ્કૃતિક અને આધ્યાત્મિક ઝલક**

દરરોજ સવારે ગામમાં પ્રભાતિયા વગાડવા માટે લાઉડ સ્પીકરની વ્યવસ્થા છે. આથી ગામના લોકો દિવસની શરૂઆત ભકિતભાવ અને સકારાત્મક ઊર્જા સાથે કરે છે. આ પ્રથા ગામની સાંસ્કૃતિક વારસાને જીવંત રાખે છે. ગામના વડીલો અને યુવાનો એક સાથે મળીને તહેવારો અને ધાર્મિક પ્રસંગો ઊજવે છે. આથી ગામમાં ભાઈચારાની ભાવના મજબૂત બને છે.

**લોકોની લાગણી અને ગર્વ**

ગામના આગેવાન બાબુભાઈ સવજીભાઈ વામજાએ જણાવ્યું કે, ઈરિયા ગામ ૧૦૦ ટકા સમ્રાટ ગામ છે. અહીંની સુવિધાઓ, વિકાસ અને લોકોની એકતા અમરેલી તાલુકા માટે પ્રેરણાદાયી છે. ઈરિયા ગામ આજે અન્ય ગામો માટે મોડલ ગામ બની ગયું છે. ગામવાસીઓ પણ માને છે કે ઈરિયા માત્ર રહેવા માટેનું ગામ નથી, પરંતુ એ એક એવી જગ્યા છે જયાં પરંપરા અને આધુનિકતા બંનેનું સંતુલન જોવા મળે છે.

**એકતા અને વિકાસનું પ્રતિક**

ઈરિયા ગામની સફળતા પાછળ ગ્રામ પંચાયતની મહેનત, ગામના લોકોને સહકાર અને આગેવાનોની દુરંદેશી દ્રષ્ટિ છે. દરેક વિકાસ કાર્યોમાં ગામના લોકો સહભાગી થાય છે, જેના કારણે કોઈપણ યોજના અધૂરી રહેતી નથી. ઈરિયા ગામનો આ અનોખો વિકાસ મોડલ એ સાબિત કરે છે કે જો ગામના લોકો એકતા સાથે આગળ આવે તો કોઈપણ ગામને શ્રેષ્ઠ બનાવી શકાય છે.

ઈરિયા ગામ માત્ર અમરેલી તાલુકાનું જ નહીં પરંતુ સમગ્ર જિલ્લાનું ગૌરવરૂપ ગામ છે. અહીંની ભૌતિક સુવિધાઓ, પર્યાવરણ પ્રત્યેનો અભિગમ, સુરક્ષા અને સાંસ્કૃતિક પ્રથાઓ તેને અનોખું બનાવે છે. ખરેખર, ઈરિયા ગામ આજે કામયાબી અને સંસ્કારનું જીવંત ઉદાહરણ બની ગયું છે.

### નીચાણવાળા વિસ્તારના નાગરિકોને સાવચેત રહેવા સૂચના

## ધારી નજીક આવેલ સૌથી ઉંચો ખોડિયાર જળાશય ૭૦ ટકા ભરાયો

### કોઇપણ સમયે ડેમના દરવાજા ખોલવામાં આવશે

અમરેલી, તા. ૨૫

ધારી ગામ પાસે આવેલ શેત્રુંજી નદી ઉપરનો ખોડિયાર સિંચાઈ યોજનામાં ઉપરવાસ વરસાદના કારણે પાણીની ભરપુર આવક થતાં ખોડિયાર ડેમની ડિઝાઈન સ્ટોરેજના ૭૦% ભરાયેલ હોવાથી નિયમોનુસાર હાઈ એલર્ટ આપવામાં આવ્યું છે. જેને લઈ જળાશય પૂર્ણ સપાટીએ ભરાતા કોઈપણ સમયે ડેમના દરવાજા ખોલવામાં આવશે. આથી, ડેમના નીચાણવાળા ગામના લોકોને કે કોઈપણ નાગરિકોને શેત્રુંજી નદી કે નદીના પટમાં અથવા નદી કાંઠાના વિસ્તારમાં અવર જવર કરવી નહિ, સલામત સ્થળે ખસી જવું તેમજ સાવચેતીના તમામ પગલા લેવા માટે સૂચિત કરવામાં આવે છે.



અમરેલી જિલ્લાના ધારી તાલુકાના ધારી, આંબરડી, ભાઠ, પાલડી, પાદરગઢ, બગસરા તાલુકાના હાલરિયા અને હુલરિયા, અમરેલી તાલુકાના સરંભડા, નાના માંડવડા, મેડી, તરવડા, બાબાપુર, વાંકિયા, ગાવડકા, પીઠવાજાળ, વિઠ્ઠલપુર, મોટા ગોખરવાળા અને નાના ગોખરવાળા, લીલીયા તાલુકાના કણકોટ, આંબા, ક્રાંકચ, બવાડા, બવાડી, ઈંગોરાળા, શેઢાવદર, લોકા અને લોકી, સાવરકુંડલા તાલુકાના બોરાળા, જૂના સાવર, ખાલપર, આંકોલડા, મેકડા, ફિફાદ, ઘોબા અને પીપરડી ગામ ઉપરાંત ભાવનગર જિલ્લાના ગારિયાધાર તાલુકાના ઠાંસા, જૂના ગુજરડા, મનાજી, રાણીગામ અને સતાપડા તથા પાલીતાણા તાલુકાના ચોક, ડુંગરપુર, હાથસણી, જાલીલા, જીવાપર, રાણપરડા અને રોહીશાળા સહિત ખોડિયાર ડેમના નીચાણવાળા અસરગ્રસ્ત વિસ્તારના નાગરિકોને સાવચેત રહેવા અમરેલી ફલડ સેલ દ્વારા સૂચના આપવાની આવી છે.

### છેલ્લા ૩૦ વર્ષથી ચોમાસામાં એકનાં એક દ્રશ્યો જોવા મળે

## અમરેલી શહેરમાં વરસાદી માહોલમાં ઠેકઠેકાણે પાણીનો ભરાવો, પશુઓનો અડિંગો સહિતની સમસ્યા

### શહેરનાં વિકાસ માટે આવતી કરોડો રૂપિયાની ગ્રાન્ટ કયા જાય છે તે સમજાતું નથી



અમરેલી, તા. ૨૫

અમરેલી એ જિલ્લાનું મુખ્ય મથક હોવા છતાં પણ ચોમાસાનાં દિવસોમાં ઠેકઠેકાણે પાણીનો ભરાવો, પશુઓનો અડિંગો, માર્ગમાં ખાડા અને બંધ સ્ટ્રીટલાઈટ જેવી સમસ્યા છેલ્લા ૩૦ વર્ષથી જોવા મળે છે અને જો જિલ્લાનાં મુખ્ય મથકની અવદશા હોય તો જિલ્લાનાં નાના–મોટા દરેક શહેરોમાં પણ આવી જ સમસ્યા હોય તે સ્વાભાવિક છે.

અમરેલી શહેરમાં વિકાસ માટે છેલ્લા ૩૦ વર્ષમાં ૫૦૦ કરોડ ઉપરાંતની ગ્રાન્ટ આવી હશે અને તેમાંથી શહેરનાં વિકાસ માટે કેટલા અને શાસકોનાં સ્વવિકાસ માટે કેટલા રૂપિયા વપરાયા હશે તેની તપાસ કરવી જરૂરી છે.

અમરેલીનાં રાજમાર્ગ સમા સ્ટેશન રોડ ઉપર આવેલ સહજાનંદ માર્કેટ આસપાસ હંમેશા વરસાદી પાણીનો ભરાવો અને માર્ગ ઉપર પશુઓનો અડિંગો હોય વેપારીઓ, વાહનચાલકો સહિત સૌ કોઈ તોબા પોકારી જાય છે.

શહેરનાં તમામ રાજમાર્ગો પર બંધ સ્ટ્રીટલાઈટ, માર્ગમાં ખાડા, પશુઓની અવરજવર સહિતની અગણિત સમસ્યા જોવા મળે છે. આવી જ ગંભીર પરિસ્થિતિ રહેણાંક વિસ્તારમાં જોવા મળે છે.

તાજેતરમાં પાલિકાનાં પ્રાદેશિક કમિશનર પણ આવીને ગયા છતાં પણ સ્થાનિક શાસકો કોઈને પણ ગણકારણા નથી અને સુધરાઈ સભ્યથી લઈને સાંસદ સુધી જનપ્રતિનિધિઓ પણ નિરાશામાં હોય તેવો માહોલ જોવા મળી રહ્યો છે.

### અવરજવર કરનાર સૌ કોઈ પરેશાન

## દામનગરનાં ઠાસા માર્ગ ઉપરના બેઠા નાળા ઉપરનાં ગાબડા દુર કરો

### જનપ્રતિનિધિઓએ પણ આળશ ખંખેરવી જોઈએ

દામનગર, તા. ૨૫

દામનગરમાં ઠાસા રોડ પરના બેઠા નાળા પરના રસ્તામાં પડેલા ગાબડાથી લોકો પરેશાન મરામત જરૂરી નહિ તો અકસ્માત થશે. અહીંના આ માર્ગ પર આવેલ ચેકડેમના રસ્તા પર કેટલાય મહિનાઓ પડેલા મસમોટા ખાડાઓને કારણે લોકોના જીવ જોખમમાં મુકાય જાય છે. હાલ ચોમાસામાં ડેમમાંથી નીકળતા પાણીને હિસાબે ખાડાઓમાં પાણી ભરાઈ રહેતાં હોય વાહનચાલકો અને રાહદારીઓ માટે મુશ્કેલી ઉભી કરતાં આ ખાડાઓથી લોકોને અકસ્માતનો ડર લાગતો હોય, સિંચાઈ વિભાગ અને માર્ગ મકાન વિભાગ સત્વરે આ માર્ગનું સમારકામ કરે એવી માંગ ઉઠી છે.



તસ્વીર : નટુભાઈ ભાતિયા–દામનગર

## પિપાવાવ મરીન પોલીસ સ્ટેશનનાં પોકસોનાં આરોપીની અટકાયત

અમરેલી, તા. ૨૫

રાજુલા પોલીસ ઈન્સ.એ.ડી. ચાવડાની રાહબરી હેઠળ રાજુલા પોલીસની સર્વેલન્સ ટીમ રાજુલા વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા. તે દરમ્યાન ખાનગી રાહે હકીકત મળેલ કે પીપાવાવ મરીન પોલીસમાં ગત તા. ૧૫ ના રોજ નોંધાયેલ બી.એન.એસ. કલમ ૧૩૭ (૨), ૮૭, ૬૪(૨), ૬૪(૨) તથા પોકસો એકટ કલમ ૪, ૬, ૮, ૧૦ મુજબ ગુન્હાનો આરોપી વિપુલભાઈ રણછોડભાઈ ઓળકીયા (રહે. બુબાવાવ તા. રાણપુર, જી. બોટાદ) વાળો પોતાની ધરપકડ ટાળવા સારૂ નાસતો ફરતો હોય. જે રાજુલા તાલુકાના છતડીયા ગામે આવેલ હોય તેવી હકીકત મળતા સર્વેલન્સ ટીમ દ્વારા સદરહું જગ્યાએ જઈ તપાસ કરતા આરોપી મળી આવેલ હોય તેને ઝડપી લઈ તેના વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરેલ છે.



### પૂર્વમંત્રી બાવકુભાઈ ઉંઘાડે મુખ્યમંત્રીને પત્ર પાઠવ્યો

## અમરેલી જિલ્લા સહિત રાજયભરમાં ટ્રાફિકથી ધમધમતાં માર્ગો ઉપરથી બિનજરૂરી બેરીકેટ હટાવી લેવા માંગ

### વાહનનું ઇંધણ, વાહનચાલકોનો સમય બચાવવા માંગ કરી



અમરેલી, તા. ૨૫

પૂર્વમંત્રી બાવકુભાઈ ઉંઘાડે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પત્ર પાઠવીને માર્ગો ઉપરથી બિનજરૂરી બેરીકેટ હટાવી લેવાની માંગ કરી છે.

પત્રમાં જણાવેલ છે કે, સમગ્ર ગુજરાતમાં સ્ટેટ હાઈવે, નેશનલ હાઈવે અને ગ્રામ્ય રોડ તથા ચાર રસ્તાઓને અને એપ્રોચ રોડ ઉપર પોલીસ દ્વારા ટ્રાફિક ઝુંબેશ પુરી થઈ જતાં આ અડચણો અમાનવીય રીતે જે–તે સ્થિતિમાં જ રાખી ચાલ્યા જતા હોય છે. જેથી આ અડચણો લીધે રાત્રે એકસીડન્ટો પણ થતા હોય છે. અને લોકોની જીદગીનો કિંમતી સમય, ગાડીનું વેરનટેજ, પેટ્રોલ, ડીઝલનો બિનજરૂરી વપરાશ, પ્રદુષણમાં વધારો, પેટ્રોલ ડિઝલની આયાત વધારી હુંડીયામણની નુકશાની અને આ બધુ ટ્રાફિક ઝુંબેશના પછીના સમયમાં રેઢીયાળતંત્રની જેમ લોકોની મુશ્કેલીમાં વધારો કરે છે.

જે તંત્ર આ ઝુંબેશ ઉપાડે છે. તેમને આ અડચણો બેરલ અને બેરીકેટ રોડની સાઈડમાં લોકોને વાહન ચાલકોને નડતર ન થાય તે માટે ખસેડવાનો સમય હોતો નથી કે શરમ હોતી નથી.

વધુમાં જણાવેલ છે કે, દેશના સમય, પર્યાવરણ, હુંડીયામણને ખુબ મોટું નુકસાન થાય છે. અને તેની અસર વિકાસ અને જી.ડી.પી.ને થાય છે. જે લોકો ઝુંબેશ ઉપાડે છે. તેની ફરજ આ ઝુંબેશ પછી આ અડચણોને દુર કરવાની છે. આ બાબતે તાત્કાલીક પરિપત્ર કે સુચના આપવાની કાર્યવાહી થાય રાજયમાં નકકી કરેલા પોઈન્ટ ઉપર ઝુંબેશ પછીના સમયની સેટેલાઈટથી તસવીરો લઈ આ બાબતનું સોફટવેર ડેવલોપ થાય અને અમલવારી થાય તે રાજયના હિત માટે જરૂરી છે. તો આ બાબતે યોગ્ય કરવા અંતમાં માંગ કરેલ છે.

## અમરેલી ખાતે ADCU હાટ પદર્શની અને વેચાણ મેળાની મુલાકાતે ઈફકો ચેરમેન દિલીપ સંઘાણી

અમરેલી, તા. ૨૫

અમરેલી ખાતે અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ અને ગુજરાત પ્રદેશ ભારતીય જનતા યુવા મોરચાના ઉપાધ્યક્ષ મનીષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ દેશના યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સૂત્ર લોકલ ફોર વોકલના સૂત્રને સાર્થક કરતાં અમરેલી જિલ્લા સહકારી સંઘ અને નારી ફેશનના સયુકત ઉપક્રમે આયોજિત ADCU હાટ પ્રદર્શની અને વેચાણ મેળાની મુલાકાતે એન.સી.યુ.આઈ. અને ઈફકોના અધ્યક્ષ દિલીપભાઈ સંઘાણી, ગુજરાત મહિલા ક્રેડિટ કો–ઓપરેટિવ સોસાયટી લી. અધ્યક્ષ ગીતાબેન સંઘાણી, અમરડેરીના અધ્યક્ષ અનિભાઈ સાવલિયા પધાર્યા હતા.



એ અવસરે ઘરે બેઠા કામ કરનાર બહેનોને પ્રોત્સાહન મળી રહે તે હેતુથી તમામ સહભાગીઓના સ્ટોલ પર સહકાર શિરોમણી દિલીપભાઈ સંઘાણીએ મુલાકાત લીધી હતી અને તમામ સાથે વસ્તુઓની બનાવટ માટે વાર્તાલાપ કર્યો હતો આ ઉપરાંત તમામ બહેનોના સ્ટોલ પરથી દ્વારા ખરીદી કરી તમામ બહેનોનો ઉત્સાહ વધાર્યો હતો.

## બાબરા પાલિકાનાં શાસકોએ ગૃહમંત્રી સાથે મુલાકાત કરી



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૫

બાબરામાં નગરપાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકર, ઉપપ્રમુખ અંકુરભાઈ જસાણી, કારોબારી સમિતિ ચેરમેન અશ્વિનભાઈ મકવાણા, સભ્ય ધર્મેશભાઈ વાવડીયા સહિતના સભ્યો દ્વારા ગાંધીનગર વિધાનસભાની મુલાકાત દરમિયાન રાજયના ગૃહમંત્રી હર્ષ સંઘવીની મુલાકાત કરી હતી. સાથે લાઠી વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી ઉપસ્થિત રહ્યા હતા.

### આગામી રવિવારનાં રોજ રશ્વિનભાઈ ડોડીઆની સહકાર ક્ષેત્રની આગવી સુઝબુઝ થકી


# બગસરા મંડળીની અમદાવાદ નિકોલ શાખાનો શુભારંભ સાથે વાર્ષિક સાધારણ સભા યોજાશે

બગસરા, તા. ૨૫

શ્રીબગસરાનાગરીકશરાફી સહકારીમંડળીની૯મીશાખાઅમદાવાદ મુકામેનિકોલખાતેશુભારંભસમારોહ સાથેમંડળીની૪૧મીવાર્ષિકસાધારણ સભા આગામી તા. ૩૧/૦૮/૨૦૨૫ને રવિવારના રોજ સવારે ૧૦ કલાકે યોજાશે. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને પુર્વેકેન્દ્રીયમંત્રીતથારાજકોટનાસાંસદ પરશોતમભાઈ રૂપાલાતથાઅમદાવાદ નિકોલશાખાનુશુભારંભસહકારમંત્રી જગદિશભાઈ વિકર્માના વરદહસ્તે કરવામાંઆવશે.

આ સમારોહના મુખ્ય અતિથી વિશેષ દિલીપભાઈ સંઘાણી–અધ્યક્ષએન.સી.યુ.આઈ. તથા ઈફકો, કૌશિકભાઈ વેકરીયા મુખ્ય નાયબ ઉપદંડક ગુજરાત સરકાર, પૂજયશ્રી દિલીપદાસજી મહારાજ–મંહતશ્રી જગન્નાથ મંદિર અમદાવાદ આર્શિવચનના સાથે અતિથી વિશેષ હસમુખભાઈ પટેલ–સાંસદઅમદાવાદ પુર્વેવિસ્તાર, રિટાબેન પટેલ–ધારાસભ્ય ગાંધીનગર, જે.વી. કાકડીયા–ધારાસભ્ય ધારી–બગસરા, મુખ્ય મહેમાન પ્રતિભાબેન જૈન–મેયર અમદાવાદ, પ્રેરકભાઈ શાહ અધ્યક્ષ અમદાવાદ–ભા.જ.પ, મગનભાઈ







રામાણી આદ્યસ્થાપક–શ્રી સોરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ નિકોલ–નરોડા, ચિરાગભાઈ બારોટ –ડેપ્યુટી મેયર વડોદરા, કનુભાઈ કોઠીયા–પુર્વ ધારાસભ્ય અમદાવાદ, ભરતભાઈ ચૌહાણ, જીવનભાઈ ગોલે–સહકાર ભારતી, હસમુખભાઈ ગોહેલપ્રમુખવાંઝા જ્ઞાતિ સમાજ અમદાવાદ, ડાયાભાઈ દરજી–પુર્વપ્રમુખઅખિલગુજરાતદરજી સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ, અમદાવાદ સહિતના રાજકીય તથા સહકારીક્ષેત્રના આગેવાનોઉપસ્થિત રહેશે.

આ કાર્યક્રમ યોજવા મંડળીના ચેરમેન રનિભાઈ ડોડીઆની આગેવાની તથા અમદાવાદ ધારસભ્ય તેમજ તજજ્ઞ ડીરેકટર કંચનબેન રાદડીયા, વિનભાઈ રાદડીયા, શરદભાઈ લાખાણીના માર્ગદર્શન હેઠળ મંડળીની શાખાના એમ.ડી. મનોજભાઈ બોરડ, મહેશભાઈ વ્યાસ, કેતનભાઈ સોની, તનસુખભાઈ ઠાકર, અરવિંદભાઈ નાગ્રેચા, પરીનભાઈ રાજપુરા, જયોતિકાબેન રાવલ, મંડળીના એમ.ડી. નિતેષ ડોડીઆ, જન. સેક્રેટરી ડી.જી. મહેતા સહિતના તમામ ડીરેકટરો, એડવાઈઝરી બોર્ડ મેમ્બરો સહિતના આગેવાનો કાર્યક્રમ સફળ બનાવા જહેમત ઉઠાવી રહયા છે. તેમ મંડળીના ફિલ્ડ ઓફીસર જયદિપભાઈ નાકરાણીની યાદીજણાવેછે.

### સામાન્ય બાબતે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યુ

## બગસરાનાં જુની હળીયાદ ગામે બાળકોની માથાકૂટ બાદ વડીલો વચ્ચે મારામારી

### સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી

અમરેલી, તા. ૨૫

બગસરા તાલુકાના જુની હળીયાદ ગામે રહેતા છોકરાઓ મિત્રની બર્થ ડે પાર્ટીમાં ભેગા થતાં અને કોઈ કારણોસર બોલાચાલી અને જગડો કરેલ હતો. આ અંગે વડીલો સામાવાળાને મીઠો ઠપકો આપવા ગયેલા ત્યારે વડીલો વચ્ચે મારી નાખવાના ઈરાદે જીવલેણ હુમલો થયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

આ બનાવમાં બગસરા તાલુકાના જુની હળીયાદ ગામે રહેતા આરોપી હરેશભાઈ જયંતીભાઈ દાફડા તથા ગૌતમભાઈ જયંતીભાઈ દાફડા તે જે ગામે રહેતા પ્રવિણભાઈ બાલાભાઈ દાફડા નામના યુવકના દિકરા ધ્રુવીલ તથા તેમના ભત્રીજા કાના સાથે તા. ૨૪ના રોજ આશરે ૧૧:૩૦ વાગ્યે તેના મિત્રની બર્થ ડે પાર્ટીમાં બોલાચાલી અને જગડો કરેલ હતો.

જે બાબતે પ્રવિણભાઈ દાફડા નામના યુવક તથા તેના સાળા આરોપીના ઘરે મીઠો ઠપકો આપવા ગયેલા. ત્યારે આરોપીને સારૂ નહી લાગતા એકદમ ઉશ્કેરાઈ જઈ યુવકને જેમફાવે તેમ ગાળો આપી હથિયાર ધારણ કરી આરોપીએ તલવારનો એક ઘા યુવકને મારી નાખવાના ઈરાદે જીવલેણ હુમલો કરી ડાબી આંખ ઉપર કપાળના ભાગે ગંભીર ઈજા કરેલ તેમજ દાતરડી વડે યુવકના શરીરે માર મારેલ તેમજ લાકડાના હાથાવાળી ખપાળી વડે યુવકના શરીરે મારી નાની–મોટી ગંભીર ઈજાઓ કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

### જિલ્લાનાં લગભગ તમામ સરહદી ગામોમાં રાનીપશુઓની અવરજવર

## બાબરાનાં સાલેમાળ ડુંગર વિસ્તારમાં સિંહોનાં આગમન બાદ દીપડાએ દેખા દેતા ખેડૂત ભયભીત

### નીલગાય, જંગલી ભૂંડ અને રખડુ શ્વાનને લીધે દીપડાનાં આંટાફેરા

બાબરા, તા. ૨૫

બાબરા તાલુકો એટલે પાંચાળ મુલક ગણાતો સૌરાષ્ટ્રનો ડુંગરાળ વિસ્તાર તાલુકાના કરીયાણા–ખંભાળ થી શરૂ થતા સાલેમાળ ડુંગરવાળા પંથકમાં છેલ્લા પાંચ સાત વર્ષથી ફોરેસ્ટ વિસ્તારમાં તંત્ર દ્વારા પ્રથમ એક સિંહ કપલ રાખી અને વસવાટનું માધ્યમ બનાવી સિંહ પરિવાર આ વિસ્તારમાં ખેડુતનું મિત્ર સાબિત કરી બતાવ્યું હોઈ તેમ તેની પ્રજાતીમાં વધારો થયાનું ખેડુતો જણાવે છે અને અવાર નવાર સિંહો સાથે નાના બાળ પાઠડા પણ ખેતી કામ દરમ્યાન ખેડુતોની નજરે ચડતા થયા છે.

તાલુકામાં સિંહોની અવર જવર વચ્ચે થોડા સમયથી બાબરાથી માત્ર બે કિ.મી. નીલવડા રોડ હનુમાન મંદિર અને જુના તળાવ આજુબાજુ દીપડાએ દેખા દીધા અને સિમ વિસ્તારમાં જંગલી સુવર, નીલગાય, રોજડા, કુતરાના મારણ અને પશુને નુકસાનના સમાચારોથી રાત્રીસમયે સિમ વગડામાં રહેતા ખેત શ્રમિકો પશુ પાલકોની ચિંતામાં વધારો થયો છે. આ વિસ્તાર રાની પશુ વિહોણો હોવાથી પશુ સુરક્ષિત રાખવા બાંધવા કે રહેણાંક માટે પુરક વ્યવસ્થા નહિ હોવાથી રાત ઉજાગરા વધ્યા છે. જયારે કરીયાણા, ખંભાળા, નાની કુંડળ જેવા સાલેમાળ વિસ્તારમાં સિંહોની ડણક કાયમી બની છે. હાલ બાબરા નજીક દીપડો ઘુસ્યા અંગે ખેડુતો ચિંતા જતાવી રહ્યા છે.

### અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

## અમરેલીની માધ્યમિક શાળાની વિદ્યાર્થીનીઓ તાલુકા કક્ષાની એથ્લેટિક્સ સ્પર્ધામાં ૩જા સ્થાને

અમરેલી, તા. ૨૫

અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત માધ્યમિક શાળાની વિદ્યાર્થીનીઓએ તાલુકા કક્ષાની યોજાયેલ એપ્લેટિકસ સ્પર્ધામાં તૃતિય સ્થાળ મેળવીને સંસ્થાનુ ગૌરવ વધારતા ટ્રસ્ટી મંડળે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા છે.




ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦, પહેલા માળે, ફિરકાબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241







ભારતમાં સૌથી સારો મેડીક્લેઇમ
મેડીક્લેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦















### ગુજરાત મેન્યુફેક્ચરિંગ હબ બન્યું : વડાપ્રધાન

# મોદીએ નિકોલમાં ૫૪૦૦ કરોડથી વધુના અનેક વિકાસકાર્યોનું લોકાર્પણ કર્યું

## ઓપરેશન સિંદુર અમારી સેનાનું શૌર્ય અને સુદર્શન ચક્રધારી મોહનના ભારતની ઈચ્છાશક્તિનું પ્રતિક બન્યું છે

અમદાવાદ, તા.૨૫

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી બે દિવસના ગુજરાત પ્રવાસે આવી પહોંચ્યા હતા. પીએમ મોદીએ હરિદર્શન ચાર રસ્તાથી નિકોલ-ખોડલધામ સુધી રોડ શો યોજ્યો હતો. પ્રધાનમંત્રી મોદીના રોડ શોમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા છે. પીએમની એક ઝલક જોવા માટે લોકો ઉમટ્યા છે. પ્રધાનમંત્રીના રોડ શોમાં ઓપરેશન સિંદૂરની ઝલક જોવા મળી રહી હતી. પીએમ મોદીએ હરિદર્શન ચાર રસ્તાથી નિકોલ-ખોડલધામ સુધી રોડ શો યોજીને સભા સ્થળે પહોંચ્યા હતા. નિકોલમાં સભા સ્થળ પર પીએમ મોદીને સ્મૃતિ ચિહ્ન આપીને સ્વાગત કરવામાં આવ્યું હતું. સભા સ્થળ પર મુખ્યમંત્રી સહિતના મંત્રીઓ હાજર રહ્યાં હતા. આ પ્રસંગે વડાપ્રધાન મોદીએ ૫૪૦૦ કરોડથી વધુ રૂપિયાના વિકાસના કામોનું લોકાર્પણ કર્યું હતું. સભામાં મોટી સંખ્યામાં લોકો પહોંચ્યા હતા. જેમાં તેમણે પીએમ મોદીનું ભાવભર્યું સ્વાગત કર્યું હતું. આ સભામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા પીએમ મોદી દ્વારા જે પણ વિકાસના કામ કરાવામાં આવ્યા હતા તેનો ઉલ્લેખ કર્યો હતો. નિકોલમાં સભાને સંબોધનને કરતા વડાપ્રધાન મોદીએ અમદાવાદના જુના દિવસો યાદ કર્યા અને કોંગ્રેસ પર પ્રહારો કર્યા હતા. વડાપ્રધાને કહ્યું કે અમદાવાદ પહેલા અનેક હુલ્લડો થયા અને કેન્દ્ર સરકાર બેઠાબેઠા જોતી હતી.

વડાપ્રધાને ગુજરાતીમાં આજે તો તમે રંગ રાખ્યો છે હોં એમ કહેતા જ મોદી મોદીના નારા લાગ્યા હતાં. તેમણે કહ્યું હતું કે, ઘણીવાર વિચાર આવે કે કેવું નસીબ છે કે આ લાખો લોકોનો પ્રેમ અને આશિર્વાદ મળ્યાં છે. આપ સૌનો જેટલો આભાર માનું એટલો ઓછો છે. તેમણે કહ્યું હતું કે, આ સમયે દેશભરમા ગણેશ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. ગણપતિ બાપાના આશિર્વાદથી અમે ગુજરાતના વિકાસ સાથે જોડાયેલી અનેક યોજનાઓના શ્રીગણેશ થયાં છે. હું આ વિકાસ માટે આપ સૌને શુભકામનાઓ પાઠવું છું.

ચોમાસાની સિઝનમાં ગુજરાતના અનેક વિસ્તારોમાં ભારે વરસાદ થયો છે. દેશમાં પણ વાદળ ફાટવાની અનેક ઘટનાઓ સામે આવી છે. ટીવી પર જ્યારે વિનાશ લીલા જોઈએ છીએ ત્યારે ખુદને સંભાળવું મુશ્કેલ થઈ જાય છે. હું તમામ પ્રભાવિત લોકો પ્રત્યે મારી સંવેદના વ્યક્ત કરૂ છું. ગુજરાતની આ ધરતી એ બે મોહનની ધરતી છે. એક સુદર્શન ધારી મોહન એટલે કે આપણા દ્વારકાધીશ અને બીજા ચરખાધારી મોહન એટલે સાબરમતીના સંત મહાત્મા ગાંધીની ભૂમિ છે. ભારત આજે આ બંનેના બતાવેલા રસ્તા પર ચાલીને નિરંતર સશક્ત થઈ રહ્યો છે. સુદર્શન ચક્ર ધારી મોહને આપણને શીખવાડ્યું છે કે દેશ અને સમાજની રક્ષા કેવી રીતે કરવી જોઈએ. તેમણે સુદર્શન ચક્રને ન્યાય અને સુરક્ષાનું કવચ બનાવ્યું છે. જે દુશ્મનને પાતાળમાંથી શોધીને સજા આપે છે. આજે આ ભાવ ભારતના ફેંસલાથી દુનિયા અનુભવી રહી છે.

તેમણે કહ્યું હતું કે, તમે અમદાવાદીઓએ કેવા કેવા દીવસો જોયા છે. જ્યારે હુલ્લડબાજો અને ચક્કા ચાલવનારાઓ લોકોને ઢાળી દે. કર્ફ્યૂમાં જીવન ગુજારવું પડે. વાર તહેવારે અમદાવાદની ધરતી રક્ત રંજિત થઈ જાય છે. આતંકવાદીઓ આપણુ લોહી વહાવે છે અને દિલ્હીમાં બેઠેલી કોંગ્રેસ સરકાર કંઈજ નહોતી કરતી. પરંતુ આજે આતંકવાદી અને તેમના આકાઓને અમે છોડતા નથી. ચાહે તેઓ ક્યાંય પણ છુપાયા હોય દુનિયાએ જોયું છે પહેલગામનો બદલો ભારતે કેવી રીતે લીધો છે. ૨૨ મિનિટમાં બધુ સફાચટ કરી નાખ્યું. સેંકડો કિ.મી અંદર જઈને આતંકવાદની નાભી પર હુમલો કર્યો. ઓપરેશન સિંદુર અમારી સેનાનું શૌર્ય અને સુદર્શન ચક્રધારી મોહનના ભારતની ઈચ્છાશક્તિનું પ્રતિક બન્યું છે. ચરખા ધારી મોહન આપણા પૂજ્ય બાપુએ ભારતની સમૃદ્ધિનો રસ્તો સ્વદેશીમાં બતાવ્યો હતો. આ આશ્રમ તેનો સાક્ષી છે. જે પાર્ટીએ તેમના નામનો લાભ લઈને સત્તા સુખ ભોગવ્યું તેને બાપુની આત્માને કચડી નાંખ્યું. બાપુના સ્વદેશીના મંત્ર સાથે શું કર્યું.

તમે એ લોકોના મોઢે ક્યારેય સ્વચ્છતા અને સ્વદેશી શબ્દ નહીં સાંભળ્યો હોય. આ દેશ સમજી જ નથી શકતો કે તેમની સમજને શું થયું છે. ૬૦થી ૬૫ વર્ષ દેશ પર શાસન કરનારી કોંગ્રેસ પાર્ટી ભારતને બીજા દેશો પર નિર્ભર રાખ્યો. પરંતુ આજે ભારતેઆત્મ નિર્ભરતાને વિકસિત ભારતના નિર્માણનો આધાર બનાવ્યો છે. આપણા ખેડૂતો અને માછીમારો, પશુપાલકો અને ઉદ્યમીઓના દમ પર ભારત તેજીથી વિકાસના રસ્તા પર ચાલી રહ્યો છે. આત્મનિર્ભરતાના રસ્તા પર આગળ વધી રહ્યો છે. આપણા ગુજરાતમાં તો પશુપાલકો એટલી બધી સંખ્યામાં છે. પશુપાલનમાં ગુજરાતમાં બહેનોનું મોટુ યોગદાન છે. બહેનોએ પશુપાલનમાં યોગદાન આપીને આપણા ડેરી સેક્ટરને આત્મનિર્ભર બનાવ્યું. જેના ચારે તરફ જયગાન ચાલી રહ્યાં છે.

આજે દુનિયામાં આર્થિક સ્વાર્થ વાળી રાજનીતિમાં સૌ કોઈ પોતાનું કરવા મથી રહ્યુ છે. તેને આપણે જોઈ રહ્યાં છીએ. હું અમદાવાદની આ ધરતી પરથી આપણા નાના ઉદ્યમીઓ અને નાના વેપારીઓ, ખેડૂતો અને મજૂરોને કહીશ કે હું ગાંધીની ધરતી પરથી બોલી રહ્યો છું.દરેક માટે હું તમને વારંવાર વાયદો કરૂ છું. મોદી માટે તમારુ હીત સર્વોપરી છે. મારી સરકાર, પશુપાલકો, ખેડૂતો અને નાના વેપારીઓનું ક્યારેય અહિત નહીં કરવા દે. આજે અમદાવાદ દેશના સૌથી સુરક્ષિત શહેરોમાંથી એક છે. ગુજરાતમાં શાંતિ અને સુરક્ષાનું જે વાતાવરણ બન્યું છે તેના સુખદ પરિણામ આપણે ચારે તરફ જોઈ રહ્યાં છીએ. આજે તમામ પ્રકારની ઈન્ડસ્ટ્રીઝનો વિસ્તાર ગુજરાતમાં થઈ રહ્યો છે. કેવી રીતે આપણું રાજ્ય મેન્યુફેક્ચરિંગ હબ બન્યું છે.

વડાપ્રધાન મોદીની ગુજરાત મુલાકાતને પગલે અમદાવાદમાં ઍરપોર્ટથી માંડીને નિકોલ-ખોડલધામ સુધી રોડ શો યોજવાની સજ્જડ તૈયારી કરાઈ હતી. આ સમગ્ર રસ્તા પર સાંસ્કૃતિક કાર્યક્રમો માટે ખાસ સ્ટેજ ઊભા કરાયા હતા. પીએમ મોદીએ નિકોલમાં જનસભા સંબોધતા પહેલા હરિદર્શન ચાર રસ્તાથી લઈને નિકોલ ખોડલ ધામ ગ્રાઉન્ડ સુધી દોઢ કિ.મી. લાંબો રોડ શૉ કર્યો અમદાવાદમાં વડાપ્રધાન મોદીના હસ્તે રુ. ૨૨૦૯ કરોડના પ્રોજેક્ટ્સનું ખાતમૂહુર્ત અને રૂ ૯૧૬ કરોડના પ્રોજેક્ટ્સનું લોકાર્પણ કરાયું. રૂ. ૧૩૩ કરોડથી વધુના ખર્ચે પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી)ના આઈએસએસઆર ઘટક હેઠળ રામાપીરના ટેકરાના સેક્ટર-૩ની ઝૂંપડપટ્ટીના વિકાસનું પણ લોકાર્પણ કરાયું. આ ઉપરાંત શેલા, મણિપુર, ગોધાવી, સનાથલ અને તેલાવ માટે સ્ટ્રોમ વાન્ટર ડ્રેનેજ સિસ્ટમ સહિત અમદાવાદ શહેરના અન્ય પ્રોજેક્ટ્સનું પણ ખાતમૂહુર્ત કરાયું.

### યમનની રાજધાની સનામાં હવાઈ હુમલા કર્યા

# ઈઝરાયેલે હૂતી વિદ્રોહીઓના ઠેકાણા પર હવાઈ હુમલા કર્યા

## આ હુમલાઓમાં રાષ્ટ્રપતિ ભવનનો એક ભાગ, અસર અન હીજાજ વીજળી પ્લાન્ટને નિશાન બનાવવામાં આવ્યા

યમન, તા.૨૫

એકબાજુ રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધનો અંત કેવી રીતે લાવો તેની ગડમથલમાં આખી દુનિયા છે ત્યાં અચાનક બીજી બાજુ ઈઝરાયેલે યમનની રાજધાની સનામાં હૂતી વિદ્રોહીઓના ઠેકાણાઓ પર તાબડતોડ હવાઈ હુમલા કરી નાખ્યા. આ હુમલાઓમાં રાષ્ટ્રપતિ ભવનનો એક ભાગ, અસર અન હીજાજ વીજળી પ્લાન્ટ, અને ઈંધણ સ્ટોરેજ કેન્દ્રને નિશાન બનાવવામાં આવ્યા. ઈઝરાયેલની વાયુસેનાની આ કાર્યવાહીએ સમગ્ર વિસ્તારમાં હડકંપ મચાવ્યો છે. સ્થાનિક લોકોએ જણાવ્યું કે ધડાકા એટલા જોરદાર હતા કે ઘરોની બારીઓ તૂટી ગઈ અને આસપાસની ઈમારતો હલી ગઈ.

WIONમાં છપાયેલા એક રિપોર્ટ મુજબ ઈઝરાયેલના પ્રધાનમંત્રી બેન્જામીન નેતન્યાહૂએ આ હુમલાઓને હૂતી વિદ્રોહીઓ વિરુદ્ધ જવાબી કાર્યવાહી ગણાવી છે. તેમણે તેલ અવીવમાં વાયુસેનાના કમાન્ડ સેન્ટરથી કહ્યું કે, હૂતી આતંકી શાસનને હવે સમજાઈ રહ્યું છે કે ઈઝરાયેલ વિરુદ્ધ આક્રમકતાની કિંમત કેટલી ભાર છે. જે અમારા પર હુમલા કરશે તેને અમે તેનો જવાબ આપીશું. આ હુમલા શુક્રવારે રાતે યમનથી છોડાયેલી એક બેલિસ્ટિક મિસાઈલના જવાબમાં કરાયા, જેમાં હૂતી વિદ્રોહીઓએ પહેલીવાર ક્લસ્ટર બોમ્બ વોરહેડનો ઉપયોગ કર્યો હતો. ઈઝરાયેલની સેનાએ દાવો કર્યો કે જે ઠેકાણાઓ પર હુમલા કરાયા તેનો ઉપયોગ હૂતી વિદ્રોહીઓ સૈન્ય ગતિવિધિઓ માટે કરતા હતા. રક્ષામંત્રી ઈઝરાયેલ કાટ્ઝે કહ્યું કે અમે હૂતીઓના રાષ્ટ્રપતિ ભવન, વીજળી પ્લાન્ટ અને ઈંધણ ડેપોને નષ્ટ કર્યા. અમે હવાઈ અને નેવી નાકાબંધી ચાલુ રાખીશું. જો કે યમન તરફથી રાષ્ટ્રપતિ ભવનના સંપૂર્ણ નષ્ટ થવાની પુષ્ટિ થઈ નથી. હૂતી મીડિયાએ જણાવ્યું કે હુમલાઓમાં વીજળી પ્લાન્ટ અને ગેસ સ્ટેશનને નુકસાન પહોંચ્યું અને અનેક લોકો ઘાયલ થયા.

સ્થાનિક રહીશ હુસૈન મૌહમ્મદે કહ્યું કે વિસ્ફોટ એટલા જોરદાર હતા કે સમગ્ર ઘર ધ્રુજી ઉઠ્યું. બાળકો ડરના માર્યા રડવા લાગ્યા. એક અન્ય રહીશ અહમદ અલ મેખલાફીએ જણાવ્યું કે ધડાકાથી બારીઓ ખખડી ગઈ અને આસપાસની ઈમારતોને પણ નુકસાન પહોંચ્યું. હૂતી વિદ્રોહીઓએ ઈઝરાયેલ પર મિસાઈલ અને ડ્રોન હુમલા કર્યા હતા જેના જવાબમાં આ કાર્યવાહી થઈ. હૂતીનો દાવો છે કે તેઓ પેલેસ્ટાઈનના સમર્થનમાં ઈઝરાયેલ પર હુમલા કરી રહ્યા છે.

આ હુમલો મધ્ય પૂર્વમાં વધતા તણાવનો હિસ્સો છે. હૂતી વિદ્રોહીઓને ઈરાનનું સમર્થન છે અને તેઓ લાલ સાગરમં પણ જહાજો પર હુમલા કરી ચૂક્યા છે. ઈઝરાયેલની આ કાર્યવાહીએ ક્ષેત્રીય તણાવ વધાર્યો છે. જો કે ઘાયલોની સટીક સંખ્યા અને નુકસાનની વિગતો હજુ સામે આવી નથી.

### રાજેશના સાથીએ ગુનો કબૂલ્યો

# દિલ્હીના CM પર ચાકૂથી હુમલો કરવાની હતી તૈયારી

## CM રેખા ગુપ્તા પર હુમલો કરનાર રાજકોટના રાજેશનો હતો ખતરનાક પ્લાન, સામે આવી ચોંકાવનારી વિગત

નવી દિલ્હી, તા.૨૫

દિલ્હીના મુખ્યમંત્રી પર હુમલાના મામલામાં પોલીસે એક ઓટો ડ્રાઈવરની ધરપકડ કરી છે. દિલ્હી પોલીસે રાજકોટથી એક ઓટો ચાલકની ધરપકડ કરી છે, જે આરોપી રાજેશનો મિત્ર છે. તેણે કથિત રીતે રાજેશને પૈસા ટ્રાન્સફર કર્યા હતા.

આ પહેલા સમાચાર સામે આવ્યા હતા કે દિલ્હી પોલીસે આરોપી રાજેશના એક મિત્રની રાજકોટથી અટકાયત કરી છે. તેણે કથિત રીતે રાજેશને પૈસા ટ્રાન્સફર કર્યા હતા. દિલ્હી પોલીસ તે લોકો પર નજર રાખી રહી છે જે કોલ અને ચેટ દ્વારા આરોપીના સંપર્કમાં હતા. દિલ્હી પોલીસની એક ટીમ રાજકોટમાં ૫ અન્ય લોકોના નિવેદન નોંધશે, જેનો ડેટા આરોપીના મોબાઈલમાંથી લેવામાં આવ્યો છે. તો ધરપકડ કરાયેલા રાજેશે પૂછપરછમાં ચોંકાવનારો ખુલાસો કર્યો છે. રાજેશે જણાવ્યું કે તે રેખા ગુપ્તા પર ચાકૂથી હુમલો કરવા ઈચ્છતો હતો પરંતુ કડક સુરક્ષાને જોયા બાદ તેણે સિવિલ લાયન્સ વિસ્તારમાં ચાકૂ ફેંકી દીધો હતો. એટલું જ નહીં રાજેશે જણાવ્યું કે મુખ્યમંત્રીના સત્તાવાર આવાસ પર જતાં પહેલા તે સુપ્રીમ કોર્ટ ગયો હતો પરંતુ અદાલતની બહાર ભારે સુરક્ષા જોઈ પરત આવી ગયો હતો.રાજેશે વહેલી સવારે મુખ્યમંત્રી પર હુમલો કર્યો જ્યારે તેઓ તેમના નિવાસસ્થાને લોકોની સમસ્યાઓ સાંભળી રહ્યા હતા. ત્યાં હાજર સુરક્ષા કર્મચારીઓએ તેને પકડી લીધો અને પછી ૨૧ ઓગસ્ટના રોજ, તેમને ડ્યુટી મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં આવ્યો, ત્યારબાદ તેમને પાંચ દિવસની કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યો હતો.

### સ્કૂલો-એરપોર્ટ બંધ, ૫ લાખ લોકોને અસર

# વિયેતનામમાં કાજિકી વાવાઝોડાની દહેશત

## વાવાઝોડું કાજિકી ૧૬૬ કિમી પ્રતિ કલાક (૧૦૩ માઈલ પ્રતિ કલાલ)ની સ્પીડે દેશના મધ્ય તટ તરફ આગળ વધી રહ્યું છે

વિયેતનામ, તા.૨૫

વિયેતનામ આ વર્ષે સૌથી મોટા અને શક્તિશાળી વાવાઝોડાનો સામનો કરવા તૈયાર છે. સાવચેતીના ભાગરૂપે હવાઈ મથકો બંધ કરવામાં આવ્યા છે, શાળાઓમાં રજા આપવામાં આવી છે, લોકોને સુરક્ષિત સ્થળો પર ખસેડવામાં આવ્યા છે. વિયેતનામના હવામાન વિભાગે જણાવ્યું કે, વાવાઝોડું કાજિકી ૧૬૬ કિમી પ્રતિ કલાક (૧૦૩ માઈલ પ્રતિ કલાલ)ની સ્પીડે દેશના મધ્ય તટ તરફ આગળ વધી રહ્યું છે. વાવાઝોડું સોમવારે બપોર સુધી તટથી અથડાતાં પહેલાં જ વધુ વેગવાન બનવાની ભીતિ છે.વિયેતનામ સરકારે ગઈકાલે રવિવારે રાત્રે નિવેદન આપ્યું હતું કે, આ અત્યંત જોખમી અને ઝડપથી વધતું વાવાઝોડું છે. કાજિકી વાવાઝોડાના કારણે ભારેથી અતિભારે વરસાદ, પૂર અને ભુસ્ખલનની ઘટના બની શકે છે. હવામાન વિભાગે જણાવ્યા પ્રમાણે, હાલ આ વાવાઝોડું કેન્દ્રીય તટથી લગભગ ૧૫૦ કિમી દૂર હતું. અંદાજ છે કે, તેનું કેન્દ્ર સ્થાનિક સમયાનુસાર સવારે નવ વાગ્યે આસપાસ થાન હોઆ અને ન્ગે આન પ્રાંત વચ્ચેના વિસ્તારમાં ટકરાશે.

દક્ષિણ ચીન સમુદ્રનો લાંબો દરિયાકિનારો હોવાથી વિયેતનામ ઘણીવાર જોખમી વાવાઝોડાનો ભોગ બને છે જે ઘાતક પૂર અને ભૂસ્ખલનનું કારણ બને છે. વિયેતનામ સરકારે જણાવ્યું હતું કે વાવાઝોડું કાજીકી ગયા વર્ષે આવેલા યાગી વાવાઝોડા જેટલું શક્તિશાળી હોઈ શકે છે, જેમાં લગભગ ૩૦૦ લોકો માર્યા ગયા હતા અને ૩.૩ અબજ ડોલરની સંપત્તિને નુકસાન થયું હતું. અધિકારીઓએ રવિવારે (૨૫ ઓગસ્ટ, ૨૦૨૫) જણાવ્યું હતું કે ૫૦ લાખથી વધુ લોકોનું સ્થળાંતર કરવામાં આવશે અને તમામ બોટ તથા જહાજોને દરિયામાં જવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. વિયેતનામની સિવિલ એવિએશન ઓથોરિટી અનુસાર, થાન હોઆ અને ક્વાંગ બિન્હ પ્રાંતના બે એરપોર્ટ બંધ કરવામાં આવ્યા છે.

વિયેતનામ એરલાઈન્સ અને વિયેટજેટે આ વિસ્તારમાં જતી અને જતી ડઝનેક ફ્લાઈટ્સ રદ કરી છે. રવિવારે કાજીકી વાવાઝોડું ચીનના હૈનાન ટાપુના દક્ષિણ કિનારા પરથી પસાર થયું હતું, જેના કારણે સાન્યા શહેરમાં દુકાનો અને જાહેર પરિવહન બંધ કરવાની ફરજ પડી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે પાંચ દરિયાકાંઠાના પ્રાંતોમાં લગભગ ૩,૨૫,૫૦૦ લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવશે. તેમને શાળાઓ અને જાહેર ઈમારતોમાં સ્થાપિત રાહત કેન્દ્રોમાં રાખવામાં આવશે. રાષ્ટ્રીય એરલાઈન્સ વિયેતનામ એરલાઈન્સ અને વિયેટજેટે વાવાઝોડાના ભયને કારણે ઘણી ફ્લાઈટ્સ રદ કરી છે.

કૃષિ અને પર્યાવરણ મંત્રાલય હેઠળ કામ કરતા આપત્તિ વ્યવસ્થાપન અધિકારીઓએ ચેતવણી આપી હતી કે, પરિસ્થિતિ અત્યંત જોખમી છે. કોઈપણ પ્રકારનું વાહન અથવા માળખું, જેમ કે પ્રવાસી બોટ, માછીમારી બોટ અને મત્સ્યઉદ્યોગ કેન્દ્રો આ વાવાઝોડામાં સલામત નથી. કાજીકી વાવાઝોડું આ વર્ષે વિયેતનામમાં ત્રાટકેલું પાંચમું ઉષ્ણકટિબંધીય વાવાઝોડું છે. કૃષિ મંત્રાલયના જણાવ્યા અનુસાર, ૨૦૨૫ના પ્રથમ સાત મહિનામાં કુદરતી આફતોમાં ૧૦૦થી વધુ લોકો માર્યા અથવા ગુમ થયા છે અને દેશને ૨.૧ કરોડ ડોલરથી વધુનું આર્થિક નુકસાન થયું છે.

### વીડિયો બનાવીને માફી માગો : કોર્ટ

# સુપ્રીમ કોર્ટે સમય રૈના-રણબીર અલાહબદિયાનો ઉધડો લીધો

## સુપ્રીમ કોર્ટે કોમેડિયનને દિવ્યાંગજનો પર મજાક બનાવવા માટે ફટકાર લગાવી

નવી દિલ્હી, તા.૨૫

સુપ્રીમ કોર્ટે સોમવારે સમય રૈના સહિત પ્રખ્યાત સ્ટેન્ડ-અપ કૉમેડિયનને દિવ્યાંગજનો પર અસંવેદનશીલ મજાક બનાવવા માટે આકરી ફટકાર લગાવી છે. કોર્ટે સ્પષ્ટ કહ્યું કે, કોમેડિયન ખાલી કોર્ટમાં જ નહીં પણ પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર પણ જાહેરમાં માફી માગે.જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ જોયમાલ્યા બાગચીની બેન્ચે SMA Cure Foundation તરફથી દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી દરમ્યાન આ ટિપ્પણી કરી. અરજીમાં યૂટ્યૂબર રણવીર અહબદિયા સ્ટેન્ડ અપ કોમેડિયન સમય રૈના, વિપુન ગોયલ, બલરાજ પરમારજીત સિંહ ધઈ, સોનાલી ઠક્કર અને નિશાંત જગદીશ તનવર પર દિવ્યાંગજનની મજાક ઉડાવવાનો આરોપ લગાવ્યો હતો. તેમના તરફથી હાજર વકીલે જણાવ્યું કે, તમામે પોતાના કરેલા પર માફી માગી લીધી છે. તેના પર કોર્ટે કોમેડિયન્સને કહ્યું કે, જો માફી તમે કોર્ટમાં આપી છે, એ જ સોશિયલ મીડિયા પર પણ આપો.જસ્ટિસ જોયમાલ્યા બાગચીએ કહ્યું કે, કોમેડીને સારી રીતે લેવામાં આવે છે અને તે જીવનનું અભિન્ન અંગ છે, આપણે ખુદ પર હસીએ છીએ, પણ જ્યારે બીજા પર હસવા લાગીએ છીએ અને સંવેદનશીલતાને ઠેસ પહોંચાડે છે. સામુદાયિક સ્તર પર જ્યારે હાસ્ય ઉત્પન્ન થાય છે, તો આ સમસ્યા બની જાય છે અને આ જ વાત આજના તથાકથિત પ્રભાવશાળી લોકોએ ધ્યાનમાં રાખવી જોઈએ.તેઓ ભાષણનું વ્યવસાયીકરણ કરી રહ્યા છે. કોઈ ખાસ વર્ગની ભાવનાઓને ઠેસ પહોંચાડવા માટે સમુદાયનો ઉપયોગ ન કરવો જોઈએ. આ ખાલી અભિવ્યક્તિની સ્વતંત્રતા નથી, પણ વ્યાવસાયિક ભાષણ છે.તેના પર અપરાજિતા સિંહે કહ્યું કે, આઈટી નિયમો અંતર્ગત સ્વ નિયમનની જોગવાઈ છે. તેના પર જજે કહ્યું કે, હું અભિવ્યક્તિની સ્વતંત્રતા પર અંકુશ લગાવવાની વાત નથી કરતી. બસ એવા દિશાનિર્દેશ હોવા જોઈએ કે તમે આવું ન કરો. દિશાનિર્દેશ સુલભતાની વાત કરે છે, અમે અહીં ગરિમાની વાત કરી રહ્યા છીએ.

### વડાપ્રધાનને આવકારવા લોકોની ભીડ ઉમટી પડી

# હરિદર્શન ચાર રસ્તાથી નિકોલ સભા સ્થળ સુધી રોડ શો યોજાયો

## વડાપ્રધાનને આવકારવા લોકો બિલ્ડિંગો પર ચઢી ગયા : સિંદૂર સાથે મહિલાઓએ વડાપ્રધાનનું વિશેષ સ્વાગત કર્યું હતું

અમદાવાદ, તા.૨૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમદાવાદ એરપોર્ટ પર પહોંચતા જ રાજ્યના મંત્રીઓ દ્વારા તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. વડાપ્રધાનને આવકારવા મોટી સંખ્યામાં લોકોની ભીડ ઉમટી પડી હતી. વડાપ્રધાનને આવકારવા મહિલાઓ અને બાળકો સહિત મોટી સંખ્યામા જનમેદની ઉમટી પડી હતી. વડાપ્રધાન મોદીનો હરિદર્શન ચાર રસ્તાથી નિકોલ સભા સ્થળ સુધી રોડ શો શરૂ યોજાયો હતો.

વડાપ્રધાનને આવકારવા લોકો બિલ્ડિંગો પર ચઢી ગયા હતા. સિંદૂર સાથે મહિલાઓએ વડાપ્રધાનનું વિશેષ સ્વાગત કર્યું હતું.વડાપ્રધાન મોદી સભા સ્થળે પહોંચ્યા હતાં. ત્યાં તેમને સ્મૃતિ ચિહ્ન આપીને સ્વાગત કરવામાં આવ્યું હતું. સભા સ્થળ પર મુખ્યમંત્રી સહિતના મંત્રીઓ હાજર રહ્યાં હતા.

વડાપ્રધાન મોદીના રોડ શોના રૂટ પર ઓપરેશન સિંદૂરના ફોટા લાગ્યા હતા. એક મહિલા મહેંદીથી વડાપ્રધાનનો સ્કેચ બનાવી તેમનું સ્વાગત કરવા ઉપસ્થિત રહી હતી. વડાપ્રધાન મોદીએ લોકોનું અભિવાદન ઝીલ્યું છે. અમદાવાદમાં વડાપ્રધાનનું ઉત્સાહ સાથે સ્વાગત કરવામાં આવ્યુ હતું. સ્વદેશી અપનાવીશ'ના પોસ્ટર સાથે લોકો જોવા મળ્યા હતા. નિકોલ અને નરોડા રોડ પર લોકોની ભીડ જામી હતી. રોડ શોમાં મહિલાઓ કરતાલ સાથે પહોંચી હતી. મહિલાઓ દ્વારા ભજન ગાઈ વડાપ્રધાન મોદીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. શાસ્ત્રીય શ્લોક સાથે પંડિતો પણ વડાપ્રધાનનું સ્વાગત કરવા ઉમટી પડ્યા હતા. પ્રધાનમંત્રી મોદીના રોડ શોમાં લોકો ઉમટી પડ્યા હતા. નિકોલમાં પીએમ મોદી જાહેરસભાને સંબોધિત કરી હતી. પીએમ મોદીને આવકારવા માટે રસ્તાની બન્ને બાજુ લોકો ઉમટી પડ્યા હતા.

### કેરળના ધારાસભ્ય રાહુલ મમકુટ્ટાથિલ સસ્પેન્ડને

# અભિનેત્રીના ગંભીર આરોપ બાદ કોંગ્રેસે ધારાસભ્યને કર્યા સસ્પેન્ડ

## અભિનેત્રી રીની એન જોર્જે લગાવ્યા હતા ગંભીર આરોપ

થિરૂવનંથપૂરમ્, તા.૨૫

કોંગ્રેસ પાર્ટીએ સોમવારે પોતાના કેરળના ધારાસભ્ય રાહુલ મમકુટ્ટાથિલને પાર્ટીમાંથી સસ્પેન્ડ કરી દીધા છે. થોડા દિવસો પહેલા જ એક અભિનેત્રીએ તેમના પર દુર્વ્યવહારના ગંભીર આરોપ લગાવ્યો હતો. આ પછી, કેટલીક અન્ય મહિલાઓએ પણ આવા જ આરોપો લગાવ્યા હતા. આ આરોપો પછી ધારાસભ્યએ યુથ કોંગ્રેસના કેરળ પ્રદેશ પ્રમુખ પદ પરથી રાજીનામું આપી દીધું હતું. હવે તેમને પાર્ટીના પ્રાથમિક સભ્યપદેથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે.રાહુલ મમકુટ્ટાથિલ ગત વર્ષે નવેમ્બરમાં પલક્કડ વિધાનસભા બેઠક પરથી પેટાચૂંટણીમાં ચૂંટાયા હતા. કોંગ્રેસ નેતૃત્વ પર તેમનું રાજીનામું લેવા માટે સતત દબાણ હતું. કોંગ્રેસની અંદરથી ઘણા લોકો (જેમાં મહિલાઓ પણ સામેલ હતી) ખુલ્લેઆમ આ જ માગ કરી રહ્યા હતા.ગત અઠવાડિયે અભિનેત્રી રીની એન જોર્જે એક યુવા રાજનેતા પર કોઈનું નામ લીધા વિના અશ્લીલ મેસેજ મોકલવાનો અને હોટલના રૂમમાં બોલાવવાનો આરોપ લગાવ્યો હતો. ત્યારબાદ રાહુલ મમકુટ્ટાથિલે ગુરુવારે કેરળ યુવા કોંગ્રેસના પ્રમુખ પદેથી રાજીનામું આપી દીધુ હતું. આ આરોપો બાદથી જ એવી અટકળો શરૂ થઈ હતી કે તે પલક્કડના ધારાસભ્યનો ઉલ્લેખ કરી રહી હતી. ત્યારબાદ અન્ય મહિલાઓ પણ આગળ આવી અને તેમના પર દુર્વ્યવહારનો આરોપ લગાવ્યો. એક અહેવાલ પ્રમાણે એક મલયાલમ ચેનલે પણ એક ઓડિયો ક્લિપ જારી કરી હતી, જેમાં રાહુલ મમકુટ્ટાથિલ કથિત રીતે એક મહિલાને ગર્ભપાત કરાવવા માટે કહી રહ્યા છે. કોંગ્રેસના ધારાસભ્ય પર ઘણી મહિલાઓ દ્વારા આરોપ લગાવવામાં આવ્યા હોવા છતાં, તેમની સામે અત્યાર સુધી કોઈ કેસ નોંધવામાં આવ્યો નથી.એક તરફ જ્યાં રાહુલ મમકુટ્ટાથિલ પર ધારાસભ્ય પદ છોડવાની માંગ વધી રહી છે પરંતુ બીજી તરફ કોંગ્રેસના નેતાઓનો એક વર્ગ સીપીઆઈ(એમ)ના ધારાસભ્ય એમ. મુકેશ સામેના આરોપો તરફ ઈશારો કરી રહ્યો છે. આ કોંગ્રેસના નેતાઓનું કહેવું છે કે, ગત વર્ષે રેપ કેસમાં ચાર્જશીટ દાખલ થયા પછી પણ શાસક સીપીઆઈ(એમ)એ તેમના ધારાસભ્ય એમ. મુકેશને રાજીનામું આપવા માટે મજબૂર નહોતા કર્યા. રાહુલ મમકુટ્ટાથિલના મામલે કોંગ્રેસના દિવંગત નેતા પીટી થોમસના પત્ની અને પાર્ટીના ધારાસભ્ય ઉમા થોમસે કહ્યું કે, તેમણે ધારાસભ્ય પદ પરથી રાજીનામું આપી દેવું જોઈએ. તેમણે એમ પણ કહ્યું કે જો આરોપો ખોટા હતા તો મમકુટ્ટાથિલે તાત્કાલિક માનહાનિનો કેસ દાખલ કરવો જોઈતો હતો. પરંતુ આવું ન કર્યું. મૌન યોગ્ય નથી.

### ભાજપના નેતાને ખેંચીને લઈ ગઈ પોલીસ

# એન્જિનિયરને જૂતાથી મારવા મામલે ભાજપ નેતાની ધરપકડ

## પોલીસ અને ભાજપ સમર્થકો વચ્ચે ઝપાઝપી થઇ

બલિયા, તા.૨૫

ઉત્તર પ્રદેશના બલિયામાં ભાજપ નેતા મુન્ના બહાદુર સિંહ દ્વારા ઓફિસમાં ઘૂસીને વીજળી વિભાગના એન્જિનિયરને માર મારવાના કેસમાં નવો વળાંક આવ્યો છે. રવિવારે (૨૪મી ઓગસ્ટ) જ્યારે પોલીસ તેમને તબીબી તપાસ માટે હોસ્પિટલમાં લઈ ગઈ ત્યારે ત્યાં હોબાળો મચી ગયો. મુન્ના બહાદુરે પોલીસ વાહનમાં બેસવાનો ઈનકાર કર્યો હતો અને તેમના સમર્થકોએ પણ સ્થળ પર હોબાળો મચાવ્યો હતો. જોકે, પોલીસકર્મીઓ ભાજપ નેતાને ઢસડીને વાહનમાં બેસાડ્યો હતો.

અહેવાલો અનુસાર, ભાજપ નેતા મુન્ના બહાદુરને પોલીસે એન્જિનિયરને માર મારવાના આરોપસર અટકાયતમાં લીધા હતા, તેને છાતીમાં દુઃખાવાની ફરિયાદ બાદ જિલ્લા હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. તબીબી તપાસ પછી પોલીસે તેમને પાછા પોલીસના વાહનમાં બેસાડવાનું શરૂ કર્યું હતું. આ દરમિયાન તેણે વિરોધ કર્યો હતો અને મોટી સંખ્યામાં ભાજપ કાર્યકરો ત્યાં પહોંચી ગયા અને પોલીસ સામે ઝપાઝપી કરીને સૂત્રોચ્ચાર કરવા લાગ્યા. આવી સ્થિતિમાં પોલીસે મુન્ના બહાદુરને બળજબરીથી કાર સુધી ખેંચી જવો પડ્યો હતો.આખો વિવાદ શનિવારે (૨૩મી ઓગસ્ટ) વીજળી કાપની ફરિયાદને લઈને શરૂ થયો હતો. ભાજપ નેતા મુન્ના બહાદુર વીજ વિભાગના ઈજનેર શ્રીલાલ સિંહની ઓફિસ પહોંચ્યા હતા. વાતચીત દરમિયાન, બંને વચ્ચે દલીલ થઈ અને મુન્નાએ ઈજનેરને માર માર્યો હતો.

આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો.એન્જિનિયર શ્રીલાલ સિંહે આરોપ લગાવ્યો કે, મુન્ના બહાદુરે જાતિવાદી અપશબ્દોનો ઉપયોગ કરીને મારા પર હુમલો કર્યો. જો કે, મુન્ના બહાદુરે આરોપ લગાવ્યો કે એન્જિનિયરે મારા કામદારો સાથે ગેરવર્તન કર્યું અને કામદારોએ તેમના પર હુમલો કર્યો.

### આગામી ૭ દિવસ રાજ્યમાં વરસાદ વરસશે

# ગુજરાતમાં ક્યાંક ભારે તો ક્યાંક છૂટછવાયા વરસાદની આગાહી

## વડાપ્રધાનને આવકારવા લોકો બિલ્ડિંગો પર ચઢી ગયા : સિંદૂર સાથે મહિલાઓએ વડાપ્રધાનનું વિશેષ સ્વાગત કર્યું હતું

અમદાવાદ, તા.૨૫

ગુજરાતમાં મેઘરાજા ફરી એક વખત મહેરબાન થયા છે. આજે વહેલી સવારથી જ અનેક જિલ્લાઓમાં વરસાદી માહોલ છે. હવામાન વિભાગે આગામી ૭ દિવસ સુધી ગુજરાતમાં ક્યાંક ભારે તો ક્યાંક છૂટછવાયા વરસાદની આગાહી વ્યક્ત કરી છે.

હવાામાન વિભાગે ઓગસ્ટના અંત સુધી રાજ્યમાં મેઘ મહેર યથાવત રહેવાના સંકેત આપ્યાં છે. બંગાળની ખાડીમાં બીજી એક સિસ્ટમ આકાર લઈ રહી છે. જને લઈ અનેક જિલ્લામાં આ સિસ્ટમ ભારે વરસાદ લાવશે. બંગાળની ખાડીમાં વધુ એક સિસ્ટમ બની છે. હવામાન વિભાગના અનુમાન મુજબ આ સિસ્ટમ ગુજરાતની નજીક આવતા રાજયમાં મધ્યમથી ભારે વરસાદની સ્થિતિ યથાવત રહેશે.હવામાન વિભાગની આગાહી મુજબ ગુજરાતમાં ૩૦ ઓગસ્ટ સુધી સતત ભારે વરસાદ વરસતો રહેશે. હવામાન વિભાગે સપ્ટેમ્બરના પ્રથમ સપ્તાહમાં પણ વરસાદની શક્યતા વ્યકત કરી છે. ગુજરાતમાં આગામી ૭થી ૮ દિવસ સુધી મેઘ મહેર યથાવત રહેશે. આજે અને આવતી કાલે ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાતમાં વરસાદનું વધુ જોર રહેશે. દક્ષિણ ગુજરાતની વાત કરીએ તો એકાદ બે જિલ્લાને છોડીને બાકીને જિલ્લમાં મધ્યમ વરસાદ વરસી શકે છે. સૌરાષ્ટ્રમાં પણ દરિયાકાંઠાના જિલ્લામાં ભારે વરસાદનું અનુમાન છે. બાકીના જિલ્લામાં હળવોથી મધ્યમ પ્રકારનો વરસાદ વરસતો રહેશે.

### વિપક્ષી દળોના બે ફાડિયા પડ્યા, કોંગ્રેસ એકલી પડી!

# ભાજપની એક ચાલ અને ઈન્ડિયા ગઠબંધનમાં પડી ફૂટ

**બિલ માટેની જેપીસીમાં સામેલ થવાની વિપક્ષી જૂથની અનેક પાર્ટીઓએ ના પાડી છે ત્યારે કોંગ્રેસ એકલી પડતી દેખાય છે**

નવી દિલ્હી, તા.૨૫

કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધી હાલના દિવસોમાં બિહારમાં વોટર અધિકાર યાત્રા કાઢી રહ્યા છે અને એસઆઈઆર પ્રક્રિયા અંગે સતત ચૂંટણી પંચ ઉપરાંત ભાજપ પર સવાલ ઉઠાવી રહ્યા છે. આ બધા વચ્ચે ભાજપની એક ચાલે વિપક્ષી એક્તામાં ફૂટ નાખી છે અને કોંગ્રેસ જાણે એકલી પડતી હોય તેવું જણાય છે. વાત જાણે એમ છે કે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સંસદના ચોમાસુ સત્ર દરમિયાન પ્રધાનમંત્રી, મુખ્યમંત્રીઓ અને મંત્રીઓના ૩૦ દિવસ સુધી કસ્ટડીમાં રહ્યા બાદ તેમને પદ પરથી હટાવનારું બિલ રજૂ કર્યું હતું જેને સંયુસ્ત સંસદીય સમિતિ (JPC) પાસે મોકલી દેવાયું છે. પરંતુ જેપીસીમાં સામેલ થવાના મુદ્દે વિપક્ષી ઈન્ડિયા ગઠબંધનમાં ફૂટ ડી છે.

ટીઓઆઈના રિપોર્ટ મુજબ પ્રધાનમંત્રી, મુખ્યમંત્રીઓ અને મંત્રીઓને હટાવવાની જોગવાઈવાળા બિલ અંગે બનનારી સંયુકત સંસદીયસમિતિ (JPC) માં સામલ થવાની મમતા બેનર્જી બાદ હવે અખિલેશ યાદવે પણ ના પાડી. ત્યારબાદ આમ આદમી પાર્ટીએ પણ જેપીસીમાં સામેલ ન થવાનો નિર્ણય લીધો છે. જ્યારે ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વવાળી શિવસેના પણ એ વાત પર મંથન કરી રહી છે કે જેપીસીમાં સામેલ ન થવું. ત્યારબાદ હવે કોંગ્રેસ જાણે એકલી પડી હોય તેવું લાગે છે. કારણ કે કોંગ્રેસ પાર્ટી સમિતિમાં સામેલ થવા માટે ઈચ્છુક જોવા મળી રહી છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ૨૦ ઓગસ્ટના રોજ ચોમાસુ સત્રમાં એક બિલ ગંભીર અપરાધિક આરોપમાં ધરપકડ કરાયેલા કે કસ્ટડીનો સામનો કરનારા ચૂંટાયેલા પ્રતિનિધિઓને હટાવવાની જોગવાઈ વાળું બિલ રજૂ કર્યું. જો આ કાયદો લાગૂ થઈ જાય તો તે પીએમ, કેન્દ્રીય મંત્રીઓ, મુખ્યમંત્રીઓ અને કેન્દ્રશાસિત પ્રદેશોના મંત્રીઓ પર લાગૂ થશે. શાહે ત્રણ પ્રમુખ બિલ રજૂ કર્યા.- કેન્દ્રશાસિત પ્રદેશ સરકાર (સંશોધન) બિલ ૨૦૨૫, સંવિધાન (૧૩૦મું સંશોધન) બિલ ૨૦૨૫, અને જમ્મુ કાશ્મીર પુર્નગઠન (સંશોધન) બિલ ૨૦૨૫. જોગવાઈઓ મુજબ કોઈ પણ પીએમ, કેન્દ્રીય મંત્રી, મુખ્યમંત્રી કે કોઈ રાજ્ય કે કેન્દ્ર શાસિત પ્રદેશના મંત્રી જો લઘુત્તમ પાંચ વર્ષની જેલની સજાવાળા ગુના સંબંધે ધરપકડ કરાયેલા હોય અને સતત ૩૦ દિવસ સુધી કસ્ટડીમાં રહે તો તેમણે ૩૧માં દિવસે રાજીનામું આપવું પડશે. તેનું પાલન ન કરવાની સ્થિતિમાં આપોઆપ હટાવી દેવાશે.

પ્રસ્તાવિત બિલને જેપીસીમાં મોકલી દેવાયું છે. જેને આગામી સંસદીય સત્રના પહેલા દિવસે પોતાનો રિપોર્ટ રજૂ કરવાનો નિર્દેશ અપાયો છે. સમીક્ષા સમિતિમાં લોકસભાના ૨૧ અને રાજ્યસભાના ૧૦ સાંસદો સામેલ છે. જે સંસદના શિયાળુ સત્રમાં પોતાનો રિપોર્ટ રજૂ કરશે. પરંતુ હવે ધીરે ધીરે ટીએમસી, સપા, અને આમ આદમી પાર્ટીએ આ સમિતિમાં સામેલ થવાનો ઈનકાર કરી દીધો છે. અમિત શાહે જ્યારે સંસદમાં આ બિલને રજૂ કર્યું હતું તો તમામ વિપક્ષી દળોએ એકજૂથ થઈને તેનો વિરોધ કર્યો હતો. પરંતુ હવે વિપક્ષો બે જૂથમાં વહેંચાઈ ગયા છે. ટીએમસી, સપા અને આપના હટ્યા બાદ કોંગ્રેસ સામે પડકાર એ છે કે તે પોતાની જૂની લાઈન પર રહે કે પછી વિપક્ષી એક્તાને પ્રાથમિકતા આપીને જેપીસીથી હટવાનો નિર્ણય કરે. હકીકતમાં કોંગ્રેસ આ સમિતિમાં સામેલ થવાના પક્ષમાં છે. કારણ કે પાર્ટીને એવું લાગે છે કે જેપીસીની તપાસ દરમિયાન વિપક્ષ તરફથી આલોચના નોંધાવી જરૂરી છે.

### ફાતિમા પહેલી વાર વર્લ્ડ કપમાં કેપ્ટનશીપ કરશે

# PCB ICC મહિલા વર્લ્ડ કપ માટે ૧૫ સભ્યોની ટીમની જાહેરાત કરી

**પાકિસ્તાની ટીમ ૫ ઓક્ટોબરે ભારત સામે ટકરાશે, આ મેચ કોલંબોના આર. પ્રેમદાસા સ્ટેડિયમમાં રમાશે**

ઈસ્લામાબાદ, તા.૨૫

પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB)એ સોમવારે આગામી ICC મહિલા વર્લ્ડ કપ માટે ૧૫ સભ્યોની ટીમની જાહેરાત કરી છે. ટીમની કેપ્ટનશીપ ફાતિમા સના કરશે. યુવા બેટ્સમેન આયમાન ફાતિમા જેણે તાજેતરમાં આયર્લેન્ડ સામે T20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ડેબ્યૂ કર્યું હતું, તેને પણ આ ટીમમાં સામેલ કરવામાં આવી છે. આયમાને મે મહિનામાં પાકિસ્તાનની રાષ્ટ્રીય T20 ટુર્નામેન્ટમાં તેના પ્રદર્શનથી બધાને પ્રભાવિત કર્યા હતા. આયમાન ઉપરાંત, નતાલિયા પરવેઝ, રમીન શમીમ, સદફ શમાસ, સાદિયા ઈકબાલ, શવલ ઝુલ્ફીકાર અને સૈયદા અરુબ શાહ પણ પહેલીવાર ODI વર્લ્ડ કપમાં રમશે. આ યુવા ખેલાડીઓમાં ૨૧ વર્ષીય અરુબ અને ૨૦ વર્ષીય શવાલ અને આઈમાન ૨૦૨૩માં ICC મહિલા અંડર-19 T20 વર્લ્ડ કપના પ્રથમ વખત પાકિસ્તાનનું પ્રતિનિધિત્વ કરશે.

૨૩ વર્ષીય ઓલરાઉન્ડર ફાતિમા સના ટીમનું નેતૃત્વ ચાલુ રાખશે. તે આ મેગા ઈવેન્ટમાં પહેલી વાર ટીમનું નેતૃત્વ કરશે. જોકે, આ પહેલા તેણે આ વર્ષની શરૂઆતમાં મહિલા વર્લ્ડ કપ ક્વોલિફાયરમાં ટીમનું નેતૃત્વ કર્યું છે. ICC ક્વોલિફાયરમાં રમી રહેલી ૧૫ સભ્યોની ટીમમાં બે ફેરફાર કરવામાં આવ્યા છે. ટીમમાં આઈમાન અને સદાફનો સમાવેશ કરવામાં આવ્યો છે, જ્યારે ગુલ ફિરોઝા અને નાઝીહા અલ્વીને પાંચ સભ્યોની નોન-ટ્રાવેલિંગ રિઝર્વ ખેલાડીઓની યાદીમાં સ્થાન આપવામાં આવ્યું છે. રિઝર્વ ખેલાડીઓમાં તુબા હસન, ઉમ્મ એ હાની અને વહીદા અખ્તરનો પણ સમાવેશ થાય છે.

પાકિસ્તાન મહિલા ટીમ સ્ક્વોડ : ફાતિમા સના (કેપ્ટન), મુનીબા અલી સિદીકી (વાઈસ-કેપ્ટન), આલિયા રિયાઝ, ડાયના બેગ, આઈમાન ફાતિમા, નશરા સંધુ, નતાલિયા પરવેઝ, ઓમાઈમા સોહેલ, રમીન શમીમ, સદાફ શમાસ, સાદિયા ઈકબાલ, શવાલ ઝુલ્ફીકાર, સિદરા અમીન, સિદરા અરૂબ નવાઝ.
રિઝર્વ: ગુલ ફિરોઝા, નાઝીહા અલ્વી, તુબા હસન, ઉમ્મ એ હાની, વહીદા અખ્તર.

### સરકારને થશે રૂ.૪૦ હજાર કરોડનું નુકસાન

# દિવાળી નહીં દશેરા પહેલાં જ GSTમાં રાહતની શક્યતા

**જીએસટી સ્લેબ ૫ ટકા અને ૧૮ ટકા કરવાનો પ્રસ્તાવ**

નવી દિલ્હી, તા.૨૫

કેન્દ્ર સરકારની જીએસટીના સ્લેબમાં ઘટાડો કરવાની ભેટ દિવાળી નહીં પણ દશેરામાં મળી શકે તેવી શક્યતાઓ જીએસટી કાઉન્સિલ દ્વારા વ્યક્ત થઈ છે. આ મામલે હાલ ડ્રાફ્ટ તૈયાર થઈ રહ્યો છે. જો ડ્રાફ્ટ સંપૂર્ણપણે યોગ્ય રહ્યો તો આગામી બેઠકમાં જ જીએસટીમાં સુધારો જાહેર કરવામાં આવશે. જીએસટી કાઉન્સિલની ૫૬મી બેઠક ૩-૪ સપ્ટેમ્બરના રોજ નવી દિલ્હી ખાતે યોજાવાની છે.

જીએસટી કાઉન્સિલના એક અધિકારીએ જણાવ્યું હતું કે, જીએસટીમાં સુધારો કરવાના પ્રસ્તાવ પર કામગીરી શરૂ થઈ ચૂકી છે. રાજ્યો સાથે આ મામલે ચર્ચા-વિચારણા પૂર્ણ થઈ છે. જેથી કેન્દ્ર સરકાર વિજયા દશમી (૨ ઓક્ટોબર) સુધીમાં જીએસટીના નવા દરો રજૂ કરી શકે છે. જો પ્રક્રિયા યોગ્ય સમયે પૂર્ણ થઈ તો તેનો અમલ દશેરા સુધીમાં થઈ શકે છે. ગ્રુપ ઓફ મિનિસ્ટર્સ (GOM)એ ૨૦-૨૧ ઓગસ્ટના રોજ દિલ્હી ખાતે જીએસટીમાંથી ૧૨ ટકા અને ૨૮ ટકાનો સ્લેબ દૂર કરવાની ભલામણ પર બેઠક કરી હતી. આ બેઠકમાં જીએસટી સ્લેબ ચારથી ઘટાડી બે કરવા મંજૂરી આપી હતી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૫ ઓગસ્ટના રોજ લાલ કિલ્લા પરથી જીએસટીમાં સુધારો કરવાની જાહેરાત કરી હતી. તેમણે આ દિવાળીએ પ્રજાને જીએસટીમાં રાહતની ભેટ આપવાનું વચન આપ્યું હતું. જેના ભાગરૂપે નાણા મંત્રાલયે જીએસટી સ્લેબ ૫ ટકા અને ૧૮ ટકા કરવાનો પ્રસ્તાવ જીએસટી કાઉન્સિલ સમક્ષ રજૂ કર્યો હતો. જેમાં લકઝરી ગુડ્સ પર ૪૦ ટકા જીએસટીની પણ ભલામણ થઈ હતી. હાલ જીએસટીના ચાર સ્લેબ ૫ ટકા, ૧૨ ટકા, ૧૮ ટકા અને ૨૮ ટકા લાગુ છે. જેમાંથી ૧૨ ટકા અને ૨૮ ટકાનો સ્લેબ દૂર કરવા ભલામણ થઈ છે.

જીએસટી સ્લેબમાં ઘટાડો કરવાથી ૧૨ ટકા અને ૨૮ ટકાના સ્લેબમાં સામેલ ચીજવસ્તુઓ અને સેવાઓને ૫ ટકા અને ૧૮ ટકાના સ્લેબમાં આવરી લેવામાં આવશે. જેમાં ૧૨ ટકાના સ્લેબમાં સામેલ ૯૯ ટકા ગુડ્સ એન્ડ સર્વિસને ૫ ટકા જ્યારે ૨૮ ટકાના સ્લેબમાં સામેલ ૯૦ ટકા ચીજવસ્તુઓને ૧૮ ટકાના સ્લેબમાં આવરી લેવામાં આવશે. આ પગલાંથી જીએસટી વધુ સુલભ બનશે તેમજ તેનું વ્યાપક નિયમન થઈ શકશે. જીએસટીમાં સુધારાથી સરકારની તિજોરીને રૂ. ૪૦૦૦૦ કરોડનું નુકસાન થવાની સંભાવના છે.

ફિટમેન્ટ કમિટી આ ખાધની ભરપાઈ માટે ડ્રાફ્ટ તૈયાર કરી રહી છે. કેન્દ્ર અને રાજ્યો બંને સાથે મળી આ સમસ્યાનો ઉકેલ લાવશે. પ્રસ્તાવિત જીએસટી સુધારાથી ટેક્સ સિસ્ટમને વધુ સરળ અને પારદર્શક બનાવશે. વધુમાં સરકારને થતું આ નુકસાન ટૂંકાગાળાનું હોવાની શક્યતા ઘણા નિષ્ણાતોએ વ્યક્ત કરી છે.

### પહેલીવાર ભાજપની બેઠકમાં સંઘની હાજરી

# ગુજરાતમાં ફરી મંત્રીમંડળનું ભૂત ધૂણ્યું! પાટીલે આપ્યા મોટા સંકેત

**કમલમ ખાતે બેઠકમાં મંત્રીમંડળમાં વિસ્તરણ મામલે પાટીલે સંકેત આપ્યા, કહ્યું આપણે જલ્દી બે વખત મળીશું**

ગાંધીનગર, તા.૨૫

ગુજરાત સરકારમાં ન જાણે કેટલીવાર મંત્રીમંડળમાં બદલાવનું ભૂત ધૂણ્યું છે, છતાં તેની અટકળોનો અંત આવતો નથી. ત્યારે ફરી એકવાર મંત્રીમંડળમાં બદલાવના ભણકારા વાગી રહ્યાં છે. પ્રદેશ ભાજપના પ્રમુખ સી આર પાટીલે આજે ગાંધીનગરમાં મળેલી બેઠકમાં નવા અધ્યક્ષ અને મંત્રીમંડળના વિસ્તરણ અંગે પણ સંકેતો આપ્યા. સૂત્રો તરફથી મળતી માહિતી મુજબ, પ્રમુખે પોતાના પ્રવચનમાં હજુ આપણે જલ્દી બે વખત મળીશું તેવી ટકોર કરી. નજીકના સમયમાં પ્રદેશ અધ્યક્ષ આવશે તેવો ઈશારો કર્યો. આમ આ રીતે મંત્રીમંડળના ફેરફાર અંગેના પણ સંકેતો આપ્યા હોવાનું કહેવાય છે.

મંત્રીમંડળમાં વિસ્તરણ મામલે સીઆર પાટીલે મોટા સંકેત આપ્યા છે. નવા અધ્યક્ષ અને મંત્રીમંડળના વિસ્તરણ મામલે તેમણે ગાંધીનગરની બેઠકમાં સંકેત આપ્યા હતા. સૂત્રોનું કહેવું છે કે, પાટીલે બેઠકમાં પોતાના સંબોધનમાં કહ્યું કે, જલદી આપણે બે વખત મળીશું. નજીકના સમયમાં નવા પ્રદેશ અધ્યક્ષ આવશે તેવો ઈશારો કર્યો. મંત્રીમંડળના ફેરફાર અંગેના પણ સંકેતો આપ્યા હોવાની જાણકારી આપી. તો ત્રીઓ અને કાર્યકર્તાઓને ભગવાન ગણેશને પ્રાર્થના કરવાની ટકોર કરી.

કમલમ ખાતે મળેલ ભાજપની બેઠકમાં કંઈક નવાજૂની જોવા મળી. ભાજપની બેઠકમાં પહેલી વખત સંઘ પણ હાજર રહ્યું. કમલમ બેઠકમાં RSS ના ગુજરાત પ્રાંત કાર્યવાહ શૈલેષ પટેલ હાજર જોવા મળ્યા. પ્રધાનમંત્રીના જન્મ દિવસ પર સેવા સપ્તાહની કમલમ ખાતે ઉજવણી માટે યોજાનારી છે. જોં પ્રદેશ અધ્યક્ષ સી આર પાટીલ સહિત તમામ ધારાસભ્ય અને સાંસદો પણ બેઠકમા હાજર રહ્યા હતા. આ ઉપરાંત ધારાસભ્યો, સાંસદો સાથે RSS ના હોદ્દેદાર પણ બેઠકમાં હાજર જોવા મળ્યા.

આજે ગાંધીનગરમાં સંગઠનની બેઠકમાંથી પણ મંત્રી બચૂ ખાબડની બાદબાકી જોવા મળી હતી. મંત્રી બચૂ ખાબડ કમલમ્ ખાતે બેઠકમાં ગેરહાજર જોવા મળ્યા. મનરેગામાં પુત્રોની ધરપકડ બાદ સતત જાહેર કાર્યક્રમોમાં તેમની ગેરહાજરી વધી રહી છે. જે આંખે ઉડીને વળગે તેવી છે. ભાજપની બેઠકમાં તમામ અપેક્ષિત મંત્રીઓ ધારાસભ્ય અને સાંસદોની બેઠકમાં પણ ગેરહાજર જોવા મળ્યા. ઉલ્લેખનીય છે કે, પ્રદેશ ભાજપ કાર્યાલય કમલમ ખાતે ભાજપની મહત્વની બેઠક મળી હતી. જે પ્રધાનમંત્રીના જન્મ દિવસની ઉજવણી સંદર્ભે મળી હતી. ૧૭ સપ્ટેમ્બર પીએમ મોદીના જન્મ દિવસ પર સેવા સપ્તાહની ગુજરાતભરમાં ઉજવણી થવાની છે. સેવા સપ્તાહના કાર્યક્રમોના આયોજન સંદર્ભે કાર્યશાળાનું આયોજન કરાયું હતું.

### ગૃહમંત્રી અમિત શાહે પ્રતિક્રિયા આપી

# ધનખરના મુદ્દે કોઈ વિવાદ નથી, આરોગ્યને કારણે આપ્યું છે રાજીનામું

**૧૩૦મા બંધારણ સુધારા બિલનો વિરોધ કરવા પાછળના વિપક્ષનો ઈરાદો સ્પષ્ટ નથી**

નવી દિલ્હી, તા.૨૫

સંસદના ચોમાસુ સત્ર દરમિયાન જેલમાં ગયા બાદ વડાપ્રધાન, મુખ્યમંત્રી અને અન્ય મંત્રીઓને તેમના પદ પરથી દૂર કરવાના બિલ રજૂ થયા બાદ હોબાળો મચી ગયો છે. વિપક્ષે તેને કાળો કાયદો ગણાવ્યો હતો. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આ મામલે ઘણી બાબતો સ્પષ્ટ કરી છે. ANIને આપેલા ઈન્ટરવ્યૂ દરમિયાન તેમણે વિપક્ષનો ઉલ્લેખ કરતા કહ્યું કે જેલમાં બેઠેલો વ્યક્તિ દેશ ચલાવી શકતો નથી.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ટીકાનો જવાબ આપતા સ્પષ્ટતા કરી છે કે જગદીપ ધનખડ બંધારણીય પદ પર હતા અને તેમણે સારું કામ પણ કર્યું હતું. તેમણે કહ્યું કે જ્યાં સુધી રાજીનામાની વાત છે તેમણે વ્યક્તિગત સ્વાસ્થ્યના કારણોસર રાજીનામું આપ્યું છે. ગૃહમંત્રીએ એક ઈન્ટરવ્યૂમાં આ વાત કહી છે જેમાં તેમણે અન્ય ઘણા મુદ્દાઓ પર પણ ચર્ચા કરી છે.

ગૃહમંત્રીએ કહ્યું હતું કે, "પૂર્વ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ બંધારણીય પદ પર બેઠા હતા અને તેમના કાર્યકાળ દરમિયાન તેમણે બંધારણ અનુસાર સારું કામ કર્યું હતું. તેમણે સ્વાસ્થ્યના કારણોસર રાજીનામું આપ્યું છે. તેને વધુ પડતું લંબાવવાની અને અન્ય કોઈ દિશામાં જોવાની જરૂર નથી."

પૂર્વ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે ૨૧ જુલાઈના રોજ અચાનક પોતાના પદ પરથી રાજીનામું આપ્યું હતું. આ સંદર્ભમાં તેમણે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને પત્ર લખીને કહ્યું હતું કે તેઓ સ્વાસ્થ્યના કારણોસર રાજીનામું આપી રહ્યા છે. તેમના અચાનક રાજીનામા અંગે રાજકીય વર્તુળોમાં સતત ચર્ચા ચાલી રહી છે કે તેમણે અચાનક પોતાના પદ પરથી રાજીનામું કેમ આપ્યું? છેલ્લા કેટલાક દિવસોથી સોશિયલ મીડિયા પર પણ પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે કે રાજીનામા પછી જગદીપ ધનખડ ક્યાં છે? અમિત શાહે કોંગ્રેસ અને વિપક્ષ પર પણ આકરા પ્રહારો કર્યા છે. તેમણે કહ્યું કે ૧૩૦મા બંધારણ પાછળના વિપક્ષનો ઈરાદો સ્પષ્ટ નથી. શાહે રાહુલ ગાંધી, કોંગ્રેસ અને વિપક્ષના રાજકારણ પર ઘણા ગંભીર પ્રશ્નો ઉઠાવ્યા હતા.

ગૃહમંત્રીએ વિપક્ષ પર કટાક્ષ કરતા કહ્યું કે આજે પણ વિપક્ષનો પ્રયાસ એ છે કે જો તેઓ ક્યારેય જેલમાં જાય તો તેઓ ત્યાંથી સરકાર ચલાવી શકે. વિપક્ષના ઈરાદા વિશે વાત કરતા તેમણે કહ્યું કે તેઓ ઈચ્છે છે કે, "જેલને જ સીએમ હાઉસ, પીએમ હાઉસ બનાવવામાં આવે અને જેલમાંથી જ ડીજીપી, મુખ્ય સચિવ, કેબિનેટ સચિવ અથવા ગૃહ સચિવને આદેશ આપવામાં આવે."

૧૩૦મા બંધારણ સુધારા બિલનો વિરોધ કરવા બદલ કોંગ્રેસની ટીકા કરતા શાહે રાહુલ ગાંધી પર સીધું નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું હતું કે, "મનમોહન સિંહ દ્વારા લાલુ યાદવને બચાવવા માટે લાવવામાં આવેલ વટહુકમ રાહુલ ગાંધીએ ફાડી નાખ્યો હતો. જો તે દિવસે નૈતિકતા હતી, તો શું તે આજે નથી? કે ત્રણ વખત ચૂંટણી હાર્યા પછી હવે નૈતિકતા સમાપ્ત થઈ ગઈ છે?" અમિત શાહે કહ્યું હતું કે આ બિલ પસાર થશે. તેમણે કહ્યું હતું કે, "મને ખાતરી છે કે કોંગ્રેસ પાર્ટી અને વિપક્ષમાં ઘણા લોકો હશે જે નૈતિકતાને ટેકો આપશે અને નૈતિક આધાર પર ઉભા રહેશે." ગૃહમંત્રીએ રાહુલ ગાંધીના આઉટરીચ કાર્યક્રમો પર પણ ટિપ્પણી કરી અને કહ્યું, "કાર્યક્રમનું સંચાલન કરવા અને જનતા સાથે વાતચીત કરવા વચ્ચે ઘણો તફાવત છે."

### ડ્રગ્સના દૂષણને ડામવા ANTF યુનિટ્સ બનાવવા મહત્વનો નિર્ણય

# રાજ્યમાં ઝોન વાઇઝ એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ યુનિટ્સ બનાવવા નિર્ણય

**૧ એસ.પી., ૬ ડીવાયએસપી અને ૧૩ પીઆઇ સહિત કુલ ૧૭૭નું વધારાનું મહેકમ મંજૂર**

**ANTF યુનિટ માત્ર NDPS સંબંધિત ગુનાઓ પર ધ્યાન કેન્દ્રિત કરશે**

ગાંધીનગર, તા.૨૫

ગુજરાત સરકારે રાજ્યને ડ્રગ્સ મુક્ત બનાવવા માટે વધુ એક મોટું પગલું ભર્યું છે. આ માટે, રાજ્યમાં ઝોન મુજબ કુલ ૬ નવી એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ (ANTF) યુનિટ્સ શરૂ કરવામાં આવશે, જે ડ્રગ્સના વેચાણ, હેરફેર અને ઉત્પાદન પર અંકુશ લગાવશે. આ યુનિટ્સની સ્થાપનાથી ગુજરાતમાં ડ્રગ્સ સામેની લડાઈ વધુ મજબૂત બનશે. વર્તમાનમાં કાર્યરત નાર્કોટિક્સ સેલને વધુ શક્તિશાળી બનાવવા માટે આ ANTF યુનિટ્સ ઊભા કરી તેમાં ૧ એસ.પી., ૬ ડીવાયએસપી અને ૧૩ પીઆઈ સહિત કુલ ૧૭૭નું વધારાનું મહેકમ મંજૂર કરવામાં આવ્યું છે. અગાઉ નાર્કોટિક્સ સેલમાં ૩૪ અધિકારી કર્મચારીઓ હતા, જે હવે ANTF ઓપરેશનલ થતા ૨૧૧ અધિકારી કર્મચારીનું મહેકમ થશે. આ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ માત્ર અને માત્ર NDPS સંબંધિત ગુનાઓ પર ધ્યાન કેન્દ્રિત કરશે. આ યુનિટ્સનું સમગ્ર સુપરવિઝન સીઆઈડી ક્રાઈમ દ્વારા કરવામાં આવશે.

આ છ નવા ANTF યુનિટ્સ ગાંધીનગર, અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ અને બોર્ડર ઝોનમાં કાર્યરત થશે. આ ઝોનલ માળખું રાજ્યના દરેક ખૂણામાં ડ્રગ્સ નેટવર્કને તોડવામાં મદદ કરશે.

ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું છે કે, આ યુનિટ્સ દ્વારા સમગ્ર રાજ્યમાં નાર્કોટિક્સ નેટવર્ક સાથે જોડાયેલા ડ્રગ્સ માફિયાઓ, સપ્લાયર્સ અને પેડલર્સ સામે 'cutting edge level'ની કાર્યવાહી કરવામાં આવશે.

રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે જણાવ્યું કે, આ ઝોન વાઈઝ પોલીસ સ્ટેશનો દ્વારા ડ્રગ્સના ગુનાઓની તપાસમાં એકસૂત્રતા જળવાઈ રહેશે. ANTF યુનિટ્સ દ્વારા નોંધાયેલા ગુનાઓની તપાસ વ્યવસ્થિત રીતે થઈ શકશે, જેનાથી આરોપીઓને કડક સજા અપાવવાની પ્રક્રિયા વધુ સરળ બનશે.

રાજ્યને ડ્રગ્સના દૂષણથી મુક્ત કરવાના સંકલ્પને સાર્થક કરવા માટે એ નિર્ણય મહત્વપૂર્ણ સાબિત થશે, જે ડ્રગ્સ વિરુદ્ધની લડાઈમાં એક ઐતિહાસિક પગલું છે.

ANTF યુનિટ્સની મુખ્ય વિશેષતાઓ તપાસમાં સુપરવિઝનઃ સ્થાનિક પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા NDPS કેસોની તપાસમાં 'ટોપ ટુ બોટમ' અને 'બોટમ ટુ ટોપ' અભિગમ અપનાવવામાં આવશે, જેમાં છદ્દહ્લ યુનિટનું સુપરવિઝન અસરકારક સાબિત થશે.

ડેટા એનાલિસિસ અને ઈન્ટેલિજન્સ યુનિટઃ આ નવા યુનિટ્સમાં ડેટા એનાલિસિસ અને ઈન્ટેલિજન્સ યુનિટ પણ કાર્યરત રહેશે. આ યુનિટ્સ વારંવાર NDPSના ગુના આચરતા તત્વો, સિન્ડિકેટ માળખું અને ઈન્ટર-સ્ટેટ નાર્કો ઓફેન્ડર્સની માહિતી એકત્રિત-સંકલિત કરીને ડેટા આધારે એનાલિસિસ કરી આ પ્રકારના ગુનેગારો સામે સઘન કાર્યવાહી કરવા ANTF યુનિટ મહત્વની ભૂમિકા ભજવશે.

PIT NDPS કાર્યવાહીને વેગઃ જે રીતે અસામાજિક તત્વો સામે પાસા (PASA) હેઠળ કાર્યવાહી થાય છે, તે જ રીતે NDPSના ગુનેગારો સામે પીટ એનડીપીએસ (PIT NDPS) હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે, ડેટા એનાલિસિસ અને ઈન્ટેલિજન્સ યુનિટની મદદથી હવે ANTF દ્વારા ડ્રગ્સ માફિયાઓ સામે કડક પગલાં ભરવામાં વેગ મળશે.

# રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૨૫ તાલુકામાં નોંધાયો વરસાદ

**બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં ઓરેંજ એલર્ટ અપાયું છે, પાટણ અને મોરબીમાં અતિભારે વરસાદનું એલર્ટ અપાયું છે**

અમદાવાદ, તા.૨૫

રાજ્યમાં ૩૦ ઓગસ્ટ સુધી ભારે વરસાદની આગાહી છે, આજે પાંચ જિલ્લામાં વરસાદનું ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં ઓરેંજ એલર્ટ અપાયું છે. પાટણ અને મોરબીમાં અતિભારે વરસાદનું એલર્ટ અપાયું છે. ૧૬ જિલ્લા અને બે સંઘપ્રદેશમાં વરસાદનું યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. કચ્છ, સુરેન્દ્રનગર, દ્વારકા, જામનગર, સુરેન્દ્રનગર, ભાવનગર, અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, ખેડા, મહિસાગર, પંચમહાલ, દાહોદ, નવસારી, વલસાડ, ડાંગ, દમણ અને દાદરાનગર હવેલીમાં પણ વરસાદનું યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

હવામાન વિભાગની ગુજરાતમાં સાર્વત્રિક વરસાદની આગાહી વચ્ચે ૨૪ કલાકમાં ૭૬ તાલુકામાં એકથી ચાર ઈંચ સુધીનો વરસાદ નોંધાયો છે. છોટાઉદેપુરના સંખેડામાં ૪.૦૨ ઈંચ વરસાદ વરસ્યો છે. સુરતના ઉમરપાડા તાલુકામાં ૩.૯૦ ઈંચ વરસાદ વરસ્યો, છેલ્લા ૨૪ કલાકમાં સાબરકાંઠાના ઈડરમાં ૩.૮૬ ઈંચ વરસાદ નોંધાયો છે. ૨૪ કલાકમાં વ્યારા તાલુકામાં ૩.૫૪ ઈંચ, ડભોઈ તાલુકામાં ૩.૧૫ ઈંચ,દાંતા અને રાધનપુર તાલુકામાં ૩.૧૧ ઈંચ, ખેડબ્રહ્મા અને વાલોડ તાલુકામાં ૩ ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે. સુરત શહેરમાં ૨.૮૦ ઈંચ વરસાદ વરસ્યો, મોરબીના માળિયામાં ૨.૬૮ ઈંચ વરસાદ, ડેડિયાપાડામાં ૨.૫૬ ઈંચ, જામકંડોરણામાં ૨.૪૦ ઈંચ, કુકર મુંડા અને ધ્રાંગધ્રા તાલુકામાં ૨.૩૨ ઈંચ, મહુવા તાલુકામાં ૨.૧૭ ઈંચ,સોનગઢ, નવસારી, માંગરોળ, ટંકારામાં ૨.૧૩ ઈંચ, વિજયનગર, પલસાણા, મોરબી, બોડેલીમાં ૨.૦૯ ઈંચ વરસાદ વરસ્યો. ૨૪ કલાકમાં સાંતલપુર તાલુકામાં ૨.૦૧ ઈંચ વરસાદ વરસ્યો છે.વડાલી, દહેગામ, સતલાસણા, કરજણમાં ૧.૯૩ ઈંચ, ધનસુરા ૧.૮૯ ઈંચ, પાવી જેતપુરમાં ૧.૮૫ ઈંચ,ઓલપાડ ૧.૮૧ ઈંચ, ભાણવડમાં ૧.૭૩ ઈંચ,વડગામ, બારડોલી, જલાલપોરમાં ૧.૭૩ ઈંચ,દાંતીવાડામાં ૧.૬૯ ઈંચ વરસાદ વરસ્યો છે.

ઉલ્લેખનિય છે કે સતત વરસાદથી રાજ્યના ડેમોની જળસપાટી પણ વધી રહી છે. ધરોઈ ડેમમાંથી પાણી છોડાતા સાબરમતી નદીનું જળસ્તર વધશે. ૬૪,૧૪૪ ક્યુસેક પાણી છોડાતા સાબરમતી નદી બે કાંઠે વહી રહી છે. સાબરમતી નદી તોફાની બનતા કાંઠાના ગામ એલર્ટ કરાયા છે.

### અજય દેવગન કોઈ યોગ્ય હોરર કોમેડીનો ભાગ બનવાની રાહમાં હતો

# કન્નડ ડિરેક્ટર સાથે હોરર કોમેડી બનાવવાની અજયની ઈચ્છા

**આ ફિલ્મનું નિર્માણ કેવીએન પ્રોડક્શન્સ દ્વારા કરવામાં આવશે અને ટીમ ૨૦૨૬ની શરુઆતમાં ફ્લોર પર લઈ જવાનું વિચારે છે**

મુંબઈ, તા.૨૫

અજય દેવગન ભારતીય ફિલ્મ ઉદ્યોગના સૌથી વ્યસ્ત કલાકારોમાંનો એક છે, જેની પાસે આગામી બે વર્ષ માટે એક મજબૂત લાઈન-અપ છે. અજય હાલમાં ડિરેક્ટર જગન શક્તિ સાથે રેન્જર માટે શૂટિંગ કરી રહ્યો છે. પછી તેની બે કલ્ટ ફ્રેન્ચાઈઝી - દ્રશ્યમ ૩ અને ગોલમાલ ૫ માટે શૂટિંગ કરવાનો છે. બંને ફિલ્મો લેખન તબક્કામાં છે અને ઓક્ટોબર અને જાન્યુઆરીમાં ફ્લોર પર જવાની છે. હવે, અજય દેવગન તાજેતરની કન્નડ બ્લોકબસ્ટર, સુ ળોમ સોના ડિરેક્ટર સાથે ચર્ચામાં હોવાના અહેવાલો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, અજય દેવગન KVN પ્રોડક્શન્સ દ્વારા નિર્મિત હોરર કોમેડી માટે જેપી તુમિનાડુ સાથે વાતચીત કરી રહ્યો છે. ''અજય દેવગન હંમેશા સર્જકોની વાર્તાઓ સાંભળવા માટે તૈયાર રહે છે અને તેમને જેપી તુમિનાડુ દ્વારા રજૂ કરાયેલો વિચાર ખૂબ ગમ્યો છે. તેમણે ફિલ્મની ટીમને સંપૂર્ણ સ્ક્રિપ્ટ સાથે પાછા આવવા કહ્યું છે, આગામી મીટિંગ એક મહિના પછી થશે. અજયે હજુ સુધી કોઈ યોગ્ય હોરર કોમેડી ફિલ્મ કરી નથી અને આ ફિલ્મ તેની ગણતરીમાં ફિટ બેસે છે.'' આ ફિલ્મનું નિર્માણ કેવીએન પ્રોડક્શન્સ દ્વારા કરવામાં આવશે અને ટીમ ૨૦૨૬ની શરુઆતમાં ફ્લોર પર લઈ જવાનું વિચારે છે. સુત્રે જણાવ્યું, ''કેવીએન પ્રોડક્શન હિન્દીમાં બે ફિલ્મો બનાવી રહ્યું છે - એક અક્ષય કુમાર અને સૈફ અલી ખાન સાથે 'હૈવાન' અને બીજી એક હોરર કોમેડી છે જેમાં અજય દેવગન મુખ્ય ભૂમિકામાં છે. ''કેવીએન પ્રોડક્શન હાલ યશના નેતૃત્વ હેઠળની ટોક્સિક ફિલ્મનું પણ નિર્માણ કરી રહ્યું છે.

### દિલ્હી હાઈકોર્ટે રદ કર્યો CICનો આદેશ

# વડાપ્રધાન મોદીની ડિગ્રી સાથે જોડાયેલી માહિતી નહીં આપીએ

**જિજ્ઞાસાના આધારે વિગતો જાહેર કરી શકાય નહીં : કોર્ટ**

નવી દિલ્હી, તા.૨૫

દિલ્હી હાઈકોર્ટે સોમવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની સ્નાતકની ડિગ્રી સંબંધિત માહિતી જાહેર કરવા બાબતે કેન્દ્રીય માહિતી આયોગ (CIC)નો આદેશ રદ કર્યો છે. જસ્ટિસ સચિન દત્તાએ સીઆઈસીના આદેશને પડકારતી દિલ્હી યુનિવર્સિટીની અરજી પર ૨૭ ફેબ્રુઆરીના રોજ આપેલા ચુકાદાને અનામત રાખ્યો છે. વિગતવાર ચુકાદો હજી જાહેર થયો નથી. સીઆઈસીએ ૨૦૧૬માં આરટીઆઈ કાર્યકર નીરજ કુમાર, મોહમ્મદ ઈર્શાદ સહિત આરટીઆઈના વિવિધ અરજદારોને દિલ્હી યુનિવર્સિટીમાં વર્ષ ૧૯૭૮ દરમિયાન અભ્યાસ કરી ચૂકેલા બેચલર ઓફ આર્ટ્સના વિદ્યાર્થીઓની માહિતીનું નિરીક્ષણ કરવા મંજૂરી આપી હતી. વડાપ્રધાન મોદીએ પણ આ બેન્ચમાં બીએનો અભ્યાસ પૂર્ણ કર્યો હતો. સીઆઈસીના આ આદેશને દિલ્હી યુનિવર્સિટીએ હાઈકોર્ટમાં પડકાર્યો હતો. જાન્યુઆરી, ૨૦૧૭ના રોજ હાઈકોર્ટે સીઆઈસીના આદેશ પર સ્ટે મૂક્યો હતો.

સોલિસીટર જનરલ તુષાર મહેતાએ યુનિવર્સિટી તરફથી દલીલ કરી હતી કે, યુનિવર્સિટી પોતાના વિદ્યાર્થીઓની ડિગ્રી, માર્ક, ઉત્તરવહીઓ સહિતની શૈક્ષણિક વિગતો કાયદા અને નીતિમત્તાના વિશ્વાસ સાથે પોતાની પાસે રેકોર્ડમાં રાખે છે. જેને ત્રીજા પક્ષની જિજ્ઞાસાના આધારે આરટીઆઈ એક્ટ હેઠળ જાહેર કરી શકાય નહીં. જેમાં આરટીઆઈ એક્ટ હેઠળ કોઈ જાહેર હિત પણ નથી. જ્યારે કલમ ૮ (૧) (ઈ) અને (જે) હેઠળ આ પ્રકારની વિગતોમાં જાહેર હિત ન હોય તો તેને જાહેર કરવામાંથી મુક્તિ મળે છે.

આરટીઆઈના અરજદારો તરફથી કેસ લડી રહેલા વરિષ્ઠ વકીલ સંજય હેગડે અને શાદાન ફરાસત દ્વારા દલીલ કરવામાં આવી હતી કે વ્યક્તિના પરિણામ સંબંધિત માહિતી જાહેર કરવાથી જાહેર હિત થાય છે અને યુનિવર્સિટીઓ 'વિશ્વાસુ ક્ષમતા'માં વિદ્યાર્થીની ડિગ્રી સંબંધિત માહિતી રાખતી નથી. હેગડેએ કહ્યું કે 'ચૂંટાયેલા કાર્યાલયો' મતદારોને નિર્ણય લેવા સક્ષમ બનાવવા નેતા-ઉમેદવારોની સંપત્તિ જેવી ઘણી માહિતી જાહેર કરવાની તરફેણ કરે છે અને શૈક્ષણિક લાયકાત પણ તે જ શ્રેણીમાં આવે છે. ઝૈંઝ્રનો આદેશ ઇૈં કાયદા હેઠળ સંપૂર્ણ રીતે સમાવિષ્ટ હતો અને તે ભૂલભરેલો નહોતો.

# અમરેલી જિલ્લામાં ધોધમાર વરસાદ થતા ખેડૂતમાં ''કહી ખુશી કહી ગમ''નો માહોલ






અમરેલી જિલ્લાના વિવિધ તાલુકાઓમાં છેલ્લા કેટલાક દિવસોથી અવિરત વરસાદ વરસી રહ્યો છે. આ વરસાદથી એક તરફ ખેડૂતોના ચહેરા પર ખુશી છવાઈ છે, તો બીજી તરફ કેટલીક જગ્યાએ પાક બગડતા નિરાશાનું વાદળ પણ ઘેરાયું છે. આમ, સમગ્ર જિલ્લામાં વરસાદે કહી ખુશી કહી ગમનો માહોલ ઉભો કર્યો છે.

**જાફરાબાદ પંથકમાં કપાસનો પાક બરબાદ**

જાફરાબાદ વિસ્તારમાં સતત વરસતા વરસાદે કપાસના પાકને મોટું નુકસાન પહોંચાડયું છે. ગામ લોથપુરના ખેડૂત રાણાભાઈ માયાભાઈ મકવાણાએ જણાવ્યું કે, ''અમારા ૧૦ વિઘાનો કપાસ નિષ્ફળ ગયો છે. પાકની જડમાં સડો બેસી જતા સંપૂર્ણ પાક બરબાદ થયો છે. એક વિઘાનો અંદાજે ૫૦ હજારનું નુકસાન થયું છે.'' વરસાદના પાણી ભરાતા ખેતરોમાં કપાસના છોડ ઊભા રહી શકયા નહીં અને ખેડૂતોના મહેનતના સપના ધોવાઈ ગયા. ખેડૂતો જણાવે છે કે જાફરાબાદ પંથકમાં આર્થિક નુકસાન ખૂબ જ મોટું છે. કપાસ માટે લીધેલા ખર્ચની વસૂલાત તો દૂર રહી, ઉલટું કર્જનો બોજ વધવાની ભીતિ સર્જાઈ છે. આથી આ વિસ્તારના અનેક પરિવારોમાં ચિંતાનું વાતાવરણ છે.

**બગસરા, સાવરકુંડલા, વડીયા અને કુકાવાવમાં ખુશીના રંગ**

જયારે જાફરાબાદ પંથકના ખેડૂતો નિરાશામાં ગરકાવ થયા છે, ત્યારે બગસરા, સાવરકુંડલા, વડીયા અને કુકાવાવ તાલુકાના ખેડૂતોમાં વરસાદે ખુશીના ઝરણા વહાવ્યા છે. આ વિસ્તારોમાં લાંબા સમયથી વરસાદ ન પડતાં પાક સુકાઈ જવાની ભીતિ હતી. પરંતુ હવે વરસેલા વરસાદે પાકોને નવો જીવ પુર્યો છે. બગસરાના કાંતિભાઈ પટેલે જણાવ્યું કે, 'અમારા ૧૫ વિઘાના ખેતરમાં કપાસ અને મગફળીનું વાવેતર કર્યું છે. યોગ્ય સમયે વરસાદ આવતા પાક હરિયાળો થઈ ગયો છે. આ વખતે મગફળી અને કપાસ બન્ને પાકમાંથી લાખો રૂપિયાનું ઉત્પાદન મળવાની આશા છે. ખેડૂતોએ આગળ જણાવ્યું કે, ''એક મહિનાથી વરસાદ ન આવતા ચિંતામાં હતા. પણ હવે સમયસર વરસાદ મળતાં જમીનમાં ભેજ સારી રીતે ભરાઈ ગયો છે. પાકને જરૂરી પોષણ અને પાણી મળતાં પાકો તંદુરસ્ત બન્યા છે. હવે જો આગામી દિવસોમાં વરસાદ અનુકૂળ રહે તો આ વિસ્તારના ખેડૂતો માટે આ વર્ષ સુવર્ણ અવસર સાબિત થઈ શકે છે.'' જિલ્લામાં છેલ્લા ૧૦ દિવસથી વરસાદના અભાવે ખેતીની પરિસ્થિતિ નાજુક બની ગઈ હતી. અનેક જગ્યાએ જમીનમાં ભેજ નહોતો રહેતો, જેના કારણે વાવેતર કરેલું પાક સુકાઈ જવાની કગાર પર હતું. ખાસ કરીને મગફળી અને કપાસ જેવા મુખ્ય પાકો માટે પાણીનો અભાવ ગંભીર સમસ્યા બની ગયો હતો. પરંતુ તાજેતરમાં પડેલા ધોધમાર વરસાદથી જમીનમાં પૂરતું ભેજ મળી ગયું છે. પાણીના સ્ત્રોતો ફરી ભરાઈ રહ્યા છે અને નદીઓ–તળાવો જળાશયોથી લબાલબ થઈ રહ્યા છે. એક મહિનાથી વરસાદની રાહ જોતા ખેડૂતો હવે પ્રકૃતિની કૃપાથી આસ્ત થયા છે. એક જ જિલ્લામાં અલગ–અલગ વિસ્તારોમાં વરસાદના અલગ પ્રભાવ જોવા મળ્યા છે. જાફરાબાદ પંથકના ખેડૂતોને મોટું આર્થિક નુકસાન સહન કરવું પડયું છે, જયારે બગસરા, સાવરકુંડલા, વડીયા અને કુકાવાવમાં ખેડૂતો આનંદથી છલકાઈ રહ્યા છે. આ પરિસ્થિતિને ''કહી ખુશી કહી ગમ'' તરીકે વર્ણવવી યોગ્ય છે. એક તરફ ખેડૂતો પાકના નુકસાનથી ચિંતિત છે તો બીજી તરફ અન્ય ખેડૂતોએ પાકના સારા ઉત્પાદનની આશા સાથે ભવિષ્યના સપના ગૂંથ્યા છે. જાફરાબાદ પંથકના ખેડૂતો સરકાર પાસે સહાયની અપેક્ષા રાખી રહ્યા છે. પાકનું નુકસાન થયેલા ખેડૂતો માટે વીમા યોજનાઓ અને સહાય પેકેજની તાત્કાલિક જરૂરિયાત છે. બીજી તરફ સારા વરસાદથી ખુશ થયેલા ખેડૂતો માને છે કે, આ વર્ષે પાકનું ઉત્પાદન સારો રહે તો બજારમાં યોગ્ય ભાવ મળવાથી તેઓને સારૂ વળતર મળશે. અમરેલી જિલ્લામાં પડેલા ધોધમાર વરસાદે ખેડૂતોના જીવનમાં વિપરીત પરિસ્થિતિઓ ઊભી કરી છે. જાફરાબાદમાં કપાસનું નુકસાન ચિંતાજનક છે, જયારે અન્ય તાલુકાઓમાં પાક લહેરાઈ રહ્યો છે. આ રીતે એક જ વરસાદે અમરેલી જિલ્લાના ખેડૂતોમાં ખુશી અને ગમ બન્નેનો અનુભવ કરાવ્યો છે.

### શાંતિલાલ પરમારને મહત્વની જવાબદારી

## ધારીનાં કેળવણીકારને સંત શિરોમણી ગુરૂ રવિદાસ વિદ્યાપીઠનાં મંત્રીની જવાબદારી

### ગુજરાત પ્રદેશનાં મંત્રીની જવાબદારી સોપાઈ

અમરેલી, તા. ૨૫

વિશ્વના ૨૨ દેશો અને ભારત દેશના ૨૬ રાજયોમાં સંત શિરોમણી ગુરૂ રવિદાસ વિશ્વ મહાપીઠ સંસ્થા કાર્યરત છે. આ સંસ્થા દ્વારા બંધારણના ઘડવૈયા ડો બાબા સાહેબ આંબેડકર અને સંત શિરોમણી રોહીદાસ મહારાજના વિચારો ઉપર ચાલી સામાજિક પ્રવૃત્તિઓ વેગવાન બને તેવા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. સમાજ વ્યસન મુક્ત બને અને સંગઠિત બની શિક્ષિત બની એ તેવા હેતુથી સંગઠન પ્રયત્નશીલ છે. ત્યારે આ સંસ્થાના આંતરાષ્ટ્રીય અધ્યક્ષ દુષ્યંતકુમાર ગૌતમ (મહામંત્રી, રાષ્ટ્રીય ભાજપ, પુર્વ રાજયસભા સાંસદ), આંતરરાષ્ટ્રીય મહામંત્રી આત્મારામ પરમાર (પુર્વ કેબિનેટ મંત્રી ગુજરાત સરકાર), રાષ્ટ્રીય અધ્યક્ષ સુરજીતકુમાર, રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ આર.એમ. પટેલ (પુર્વ ધારાસભ્ય, નિવૃત્ત ચીફ સેક્રેટરી, IAS), રાષ્ટ્રીય મંત્રી કે.ડી.પાટડીયા (નિવૃત્ત ડીજીપી, IPS), રાષ્ટ્રીય મંત્રી જીતુભાઈ વાઘેલા (પુર્વ ધારાસભ્ય), પ્રદેશ પ્રમુખ વિક્રમભાઈ ચૌહાણ (મહામંત્રી પ્રદેશ ભાજપ અનુ.જાતિ મોરચો), પ્રદેશ કાર્યકારી અધ્યક્ષ ભાણજીભાઈ બગડા ગુરૂજીની સુચના અને માર્ગદર્શન મુજબ સમાજ સેવક અને શિક્ષિત તેમજ આચાર્ય તરીકે દામાણી હાઈસ્કૂલમાં ફરજ બજાવતા, સમાજના દરેક પ્રસંગે હંમેશા



તત્પર રહેતા નિષ્ઠાવાન આગેવાન એટલે શાંતિલાલ પરમારને સંત શિરોમણી ગરૂ રવિદાસ વિશ્વ મહાપીઠ ગુજરાત પ્રદેશના મંત્રી તરીકે નિમણૂક થતાં અમરેલી જિલ્લાના પ્રમુખ જીજ્ઞેશ દાફડા, હિતેશભાઈ પરમાર, રણજીતભાઈ વાળા, શરદભાઈ મકવાણા, આશિષભાઈ રાઠોડ, ચેતનભાઈ દાફડા, અલ્પેશ રાઠોડ સહિત તમામ આગેવાનો અને કાર્યકરો આ વરણી ને વધાવેલ છે અને અગામી સમયમાં શાંતિલાલ પરમારનું સન્માન સમારોહનું આયોજન કરવામાં આવનાર છે.

### રૂપિયા ૨ કરોડની રકમ મંજુર

## અમરેલીમાં જેટકો કચેરીથી બાયપાસ સુધીનો ૫૦૦ મીટરનો માર્ગ નવો બનશે

### નાયબ દંડક કૌશિક વેકરિયાની જહેમત રંગ લાવી

અમરેલી, તા. ૨૫

અમરેલી શહેરમાંથી પસાર થતા ''વિકાસ પથ'' પર જેટકો ઓફિસથી અમરેલી બાયપાસ સુધી (૫૦૦ મીટર)ના માર્ગ પર સી.સી. રોડ અને પેવર બ્લોકની કામગીરી માટે રૂા. ૨ કરોડના કામને મંજૂરી અપાવના અમરેલીના ધારાસભ્ય અને નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરિયા.

અમરેલી યુવાન અને કર્મઠ ધારાસભ્ય અને ગુજનરાત વિધાનસભાના નાયબ દંડક કૌશિક



વેકરિયાએ પોતાના મતવિસ્તારના રસ્તાઓના કામો તાત્કાલિક ધોરણે મંજૂર થાય એ માટે રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને ભારપૂર્વક રજૂઆત કરેલ. જે અન્વયે સરકારના માર્ગ અને મકાન વિભાગ દ્વારા અમરેલી શહેરમાં આવેલ જેટકો ઓફિસથી અમરેલી બાયપાસ સુધીના ૫૦૦ મીટર લંબાઈ અને ૭ મીટર પહોળાઈના સી.સી. રોડ અને પેવર બ્લોકની કામગીરી માટે રૂા. ૨ કરોડના કામને સરકાર દ્વારા રકમ મંજૂર કરવામાં આવી છે.

રસ્તાના નવીનીકરણનું આ કામ સંપન્ન થતા, આ અમરેલી શહેરના પ્રજાજનોને પડતી મુશ્કેલીમાંથી મુકિત મળશે એમ કૌશિક વેકરિયાની અખબારી યાદીમાં જણાવવામાં આવેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું **આંબરડીમાં વ્હેલી સવારે**

પંચાયત ઓફિસ સામે બેસેલ ગાયના ટોળામાં અફડા તફડી મચી ગઈ હતી. તેમાંથી એક વાછરડાને મોંમાં લઈને ફંગોળતા વાછરડાનું મોત થયું હતું જયારે અન્ય એક શિકાર નદીમાં અને ત્રીજો ભૂંડનો શિકાર કર્યો હતો. આ વિસ્તારમાં દિવસ અને રાત્રી દરમિયાન સિંહો ચક્કર મારતા રહેતા હોય ખેડૂતો અને માલધારીઓમાં સતત ફફડાટ રહે છે. વહેલી સવારે શિકાર કરવા ગામમાં આવી રહેલ સિંહણ સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી.

પાના ૮ ઉપરનું ચાલું **જાફરાબાદનાં લુણસાપુર ખાતે**

અજાણ્યા આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી.

આ બનાવના પગલે અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતએ અમરેલી જિલ્લામાં બનવા પામેલ મિલકત સબંધી ગુન્હાઓના આરોપીઓને શોધી કાઢી, તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા અને વણશોધાયેલ ગુનાઓ ડીટેકટ કરવા અમરેલી એલ.સી.બી. ટીમને સુચના આપેલ હતી.

જે સુચના અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ.વી.એમ. કોલાદરા તથા ઈ.ચા. પોલીસ ઈન્સ. આર.ડી. ચૌધરીની રાહબરી હેઠળ અમરેલી એલ.બી. ટીમ દ્વારા આ ઘરફોડ ચોરીની સઘન તપાસ શરૂ કરેલ હતી. તેમજ બનાવની જગ્યાનું એફ.એસ.એલ.ના એચ.એ. વ્યાસ ધ્વારા તપાસણી કરવામાં આવેલ હતી. જે તપાસ દરમ્યાન FPB FSL પુરાવા મળી આવતા, જે પુરાવા આધારે આરોપીની સઘન તપાસ કરવામાં આવેલ. તેમજ ચોરીના બનાવવાળી જગ્યાની આસપાસ તમામ સી.સી. ટી.વી. ફુટેજો ચેક કરવામાં આવેલ હતા.

જે સી.સી.ટી.વી. ફુટેજોમાં બનાવના દિવસ દરમ્યાન રોડ રસ્તા ઉપરથી પસાર થયેલ વાહનો ચેક કરતા એક ફોર વ્હીલ ગાડી નંબર જી.જે.–૧૮ એએ–૩૫૫૯ની શંકાસ્પદ જણાય આવેલ હતી.

સઘન તપાસ દરમ્યાન બાતમી, હકિકત તેમજ ટેકનીકલ સોર્સ આધારે એલ.સી.બી. ટીમ ધ્વારા ઘરફોડ ચોરીમાં સંડોવાયેલ મધ્યપ્રદેશના વતની અને હાલ અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના રાયડી ગામની સીમમાં રહેતા આરોપી કુંદન વાલસીંગ ભુરીયા, કાલુ ઉર્ફે રાકેશ મેથુભાઈ ભુરીયા તથા મધ્યપ્રદેશમાં રહેતા પ્યારસીંગ કુવરસીંગ બીલવાન નામના ત્રણ ઈસમોને અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના રાયડી ગામની સીમમાંથી ચોરીમાં ઉપયોગ કરેલ વાહન સાથે પકડી પાડી, પકડાયેલ આરોપીઓની સઘન પુછપરછ શરૂ કરેલ હતી.

તે દરમ્યાન આરોપીઓએ પોતાના સાગરીતો સાથે મળી ઉપરોકત ઘરફોડ ચોરી કરેલ હોવાની કબુલાત આપતા ઉપરોકત ઘરફોડ ચોરીના રોકડ રકમ રૂપિયા ૧૦,૧૦૦ તથા એન્ડ્રોઈડ મોબાઈલ ફોન નંગ–૨ કિંમત રૂપિયા ૮,૦૦૦ તથા ફોરવ્હીલ નં. જી.જે.–૧૮ એએ–૩૫૫૯ કિંમત રૂપિયા ૨,૦૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૨,૧૮,૧૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી પાડેલ હતા.

જયારે આ બનાવમાં સંડોવાયેલા અન્ય મધ્યપ્રદેશમાં રહેતા રમેશ વાલસિંગ ભુરીયા, મુકેશ કેકુ અલાવા, જગદીશ ચમરીયા અલાવા, કલમ ઠેબુ ભુરીયાની પોલીસે શોધખોળ આદરી છે.

પકડાયેલ આરોપીઓની પોલીસે પુછપરછ કરતા આ બનાવમાં પકડવાનો બાકી આરોપી રમેશ વાલસિંગ ભુરીયાએ તેમના ગામના મિત્રો જગદીશ ચમરીયા અલાવા તથા મુકેશ કેકુ અલાવા તથા કલમ ઠેબુ ભુરીયા અને ફોર વ્હીલ ગાડીનો ડ્રાઈવર પ્યારસીંગ કુવરસીંગ બીલવાલને તેના વતનથી ફોર વ્હીલ નં. જી.જે.–૧૮ એએ–૩૫૫૯ વાળી લઈ ચોરી કરવા બોલાવેલ હતો.

ત્યાર બાદ ઉપરોકત પાંચેય ઈસમો તથા પકડાયેલ આરોપી કાલુ ઉર્ફે રાકેશ મેથુભાઈ ભુરીયા તથા કુંદન વાલસીંગ ભુરીયા એમ સાતેય ઈસમોએ સાથે મળી ગત તા. ૧૦ના રાત્રીના સમયે ફોરવ્હીલમાં જાફરાબાદ તાલુકાના લોઠપુર ગામથી આગળ લુણસાપુર પાસે આવેલ સીન્ટેક્ષ કંપનીની કોલોની આસપાસ પહોંચી જઈ અને દીવાલની ફેન્સિંગ કટરથી તોડી નાંખી અને બાદમાં, દિવાલ કુદી, કોલોનીમાં પ્રવેશ કરી તેમા રહેલા બંધ મકાનો દરવાજાના તાળા તથા નકુશા તોડી મકાનમાં પ્રવેશ કરી રોકડ રકમ, સોના તથા ચાંદીના દાગીનાઓની ચોરી કરી હતી અને બાદમાં વહેલી સવારના સમયે ફોરવ્હીલના ચાલકને ફોરવ્હીલ લઈ પરત બોલાવી તેમાં બેસી ખાંભા તાલુકાના રાયડી– પાટી ગામ નજીક સુધી સાતેય આરોપીઓ સાથે જઈ ત્યાં રમેશ ભુરીયા, કુંદન ભુરીયા અને કાલુ ઉર્ફે રાકેશને ઉતારી ચોરી કરેલ સોના–ચાંદીના દાગીનાઓ તથા રોકડા રકમ તુફાનમાં લઈ વતનમાં જતા રહેલ હોવાની હકકીત જણાવેલ હતી.

પાના ૧ ઉપરનું ચાલું **બાબરા પંથકમાં સરકારી અનાજનો**

નેટવર્ક ગોઠવી અને સસ્તાભાવે અનાજ ખરીદી અને મોંઘાભાવે વેચવાનું કૌંભાંડ ચલાવતા હોવાનું ચર્ચામાં આવ્યું છે.

જાણવા મળતી વિગત મુજબ બાબરા શહેર અને તાલુકામાં રેશનીંગ દુકાનદારો દ્વારા ગરીબ મધ્યમ લોકોને આપવામાં આવતો અનાજ ઘઉં ચોખાનો જથ્થો મેળવનારા લાભાર્થીઓ આર્થિક લાલચથી મફત મળેલી અનાજ જથ્થો બારોબાર વેચાણ કરી આર્થિક ઉપાર્જનનું સાધન બનાવી ચુકયા છે જયારે આવા અનાજ ખરીદ કરનારા લોકો ગામોગામ ફરી અને સામાન્ય કીમત ચુકવી અનાજ જથ્થો એકત્ર કરી વધુ રકમો મેળવી જથાબંધ સ્ટોકમાં નજીકના મોટા સેન્ટરોમાં વેચાણ અર્થે મોકલવામાં આવી રહ્યો છે.

ગરીબ લોકોને સરકાર દ્વારા અપાતું અનાજ આર્થિક રકમોની લાલચ આપી ખરીદનારા અને લાભાર્થી તરીકે અનાજ મેળવી વેચાણ કરનારા બંને સામે કાર્યવાહી થવી જરૂરી હોવાની ચર્ચા ચાલી છે.

સરકાર દ્વારા પ્રધાનમંત્રી કિશાન સન્માન નિધિ હેઠળ નોંધાયેલા લાભાર્થી અને ઈન્કમટેક્ષ વિભાગ દ્વારા વાર્ષિક ૬ લાખથી વધુ આવક ધરાવતા અને વાર્ષિક ૨૫ લાખનું ટન ઓવરના ઈન્કમટેક્ષ ભરતા લોકોના ડેટા એકત્ર કરી પુરવઠા વિભાગમાં સોપવા જરૂરી બન્યા છે અને આવા ઈસમો દર મહીને અનાજ ઉપાડતા હોઈ તો તેમના વેરીફીકેશન થવા જરૂરી જણાય આવે છે.

સ્થાનિક પુરવઠા તંત્ર રાશનકાર્ડ રદ બાતલ કે નામ ચડાવવા સહિત બંધ થયેલા કાર્ડ ચાલુ કરવા મુદ્દે લાભાર્થીને ધક્કા ખવડાવે છે જયારે શહેર તાલુકામાં ગરીબો પાસે આર્થિક લાલચે સસ્તા ભાવે અનાજ ખરીદ કરનારા સાથે મિલીભગત રાખી ભાગ બટાઈ અને હપ્તાખોરી ચલાવતા હોવાની ચર્ચાએ વેગ પકડયો છે.

પાના ૧ ઉપરનું ચાલું **કોટડાપીઠા ગામે પતિ અને**

પરિવારને મુળ જૂનાગઢ જિલ્લાના બેલા ગામના વતની અને હાલ બાબરા તાલુકાના કોટડાપીઠા ગામે રહેતા શરદભાઈ મોહનભાઈ સાકળીયા તથા તેમનાં પત્નિ જયનાબેન શરદભાઈ સાકળીયા નામના આરોપીઓ સાથે છેલ્લા ચાર વર્ષથી પારિવારીક સબંધો હોય અને ચાર વર્ષથી ભોગ બનનાર પરિણીતા આરોપીઓ માતા–પિતા તરીકે માનતા હોય. તેમ છતા ગત તા. ૨૩ના રોજ રાત્રીના એક વાગ્યાના અરસામાં કોટડાપીઠા ગામે આરોપીઓએ ભોગ બનનાર પરિણીતાને ઝાપટો મારી અને તેણીનાં મમ્મી–પપ્પાને જાનથી મારી નાખવાની ધમકી આપી મહિલા આરોપીએ ભોગ બનનાર પરિણીતાની મરજી વિરૂધ્ધ કપડા કઢાવી નિવસ્ત્ર કરી બળજબરીથી પકડી તેણીને શેટ્ટીમાં સુવડાવી દઈ આરોપી શરદભાઈએ ભોગ બનનાર પરિણીતાની મરજી વિરૂધ્ધ બળજબરીથી એક વખત શરીર સબંધ બાંધી બળાત્કાર કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

## રાજુલા : તા. ૨૬મીએ આઈ.ટી.આઈ ખાતે ભરતીમેળો

અમરેલી, તા. ૨૫

તા.૨૬ ઓગસ્ટ, ૨૦૨૫ને મંગળવારના રોજ સવારે ૧૦:૩૦ કલાકે રાજુલા આઈ.ટી.આઈ. ખાતે રોજગાર ભરતી મેળો યોજાશે.

આરવી એનકોન, જામનગર, રિલાયન્સ સોલર ઈન્ડસ્ટ્રીઝ જામનગર માટે આઈટીઆઈ, ડિપ્લોમા (મિકેનિકલ, ઈલેકિટ્રકલ, ઈલેકટ્રોનિકસ) અને બી.એસસી. (ફિઝિકસ, કેમેસ્ટ્રી, મેથ્સ) ની લાયકાત અને જરૂરી અનુભવ ધરાવતા ઉમેદવારોની આવશ્યકતા છે.

રાજન ટેકનો કાસ્ટ પ્રા. લિમિ. (શાપર) રાજકોટ માટે કોઈ પણ ટ્રેડમાં આઈ.ટી.આઈ. ફ્રેશર હોય તેના માટે રોજગાર ભરતી મેળાનું આયોજન છે.

કંપનીઓના દ્વારા નિયમોનુસાર પ્રતિમાસ લાયકાત મુજબ અંદાજે રૂ.૧૮ થી રૂ.૨૪ હજાર (CTC) જેટલો પગાર અને અન્ય સુવિધાઓ મળશે.

જરૂરી લાયકાત ધરાવતા ફ્રેશર અને અનુભવી ઉમેદવારોને આ રોજગાર ભરતી મેળામાં ભાગ લેવા રાજુલા ડુંગર રોડ સ્થિત ઔદ્યોગિક તાલીમ સંસ્થા ફોન નં. (૦૨૭૯૪) ૨૯૪૦૩૦ આચાર્ય સી.એચ.જાનીએ એક અખબારી યાદીમાં અનુરોધ કર્યો છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૭૦૦ | ૧૦૧૩ |
| ૨ | શિંગ મોટી | ૬૦૦ | ૧૧૯૬ |
| ૩ | શિંગદાણા | ૧૦૫૦ | ૧૪૧૨ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૧૦૪૬ | ૧૨૮૦ |
| ૫ | તલ સફેદ | ૧૦૩૦ | ૨૧૩૩ |
| ૬ | તલ કાળા | ૨૭૦૦ | ૪૩૯૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૧૧૫૦ | ૨૨૦૦ |
| ૮ | બાજરો | ૨૭૫ | ૪૭૦ |
| ૯ | જુવાર | ૩૧૦ | ૭૬૫ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૮૩ |
| ૧૧ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૭૦ |
| ૧૨ | મગ | ૧૨૨૦ | ૧૪૯૬ |
| ૧૩ | અડદ | ૯૫૦ | ૧૩૯૮ |
| ૧૪ | ચણા | ૯૨૫ | ૧૧૬૦ |
| ૧૫ | સફેદ ચણા | ૧૦૫૦ | ૧૨૩૬ |
| ૧૬ | તુવેર | ૮૮૦ | ૧૨૯૦ |
| ૧૭ | કપાસ | ૮૭૦ | ૧૬૬૦ |
| ૧૮ | એરંડા | ૧૦૦૦ | ૧૨૬૬ |
| ૧૯ | જીરૂ | ૨૯૯૦ | ૩૬૫૦ |
| ૨૦ | રાય | ૧૪૩૫ | ૧૪૯૫ |
| ૨૧ | ધાણા | ૧૦૩૦ | ૧૪૦૧ |
| ૨૨ | અજમા | ૧૨૭૫ | ૧૨૭૫ |
| ૨૩ | મેથી | ૮૦૨ | ૮૮૫ |
| ૨૪ | સોયાબીન | ૭૧૫ | ૮૮૮ |
| ૨૫ | રજકાનુ બી | ૩૨૭૫ | ૮૩૩૦ |
| ૨૬ | કાંગ | ૨૫૦ | ૫૫૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ચણા | ૧૧૦૨ | ૧૧૦૨ |
| ૨ | તુવેર | ૯૪૦ | ૯૪૦ |
| ૩ | તલ | ૧૨૨૫ | ૧૨૨૫ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ મોટી | ૭૦૦ | ૧૦૫૦ |
| ૨ | શીંગ દાણા | – | ૧૨૦૦ |
| ૩ | તલ સફેદ | ૧૫૦૦ | ૧૯૫૦ |
| ૪ | તલ કાળા | ૩૫૫૦ | ૪૩૧૦ |
| ૫ | જીરૂ | ૩૬૫૧ | – |
| ૬ | કપાસ | ૧૪૫૧ | ૧૬૦૧ |
| ૭ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૬૫ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૨૫ | ૫૮૫ |
| ૯ | બાજરો | ૩૫૦ | ૫૯૦ |
| ૧૦ | ચણા | ૧૦૫૦ | ૧૧૨૦ |
| ૧૧ | તુવેર | ૧૦૮૦ | ૧૨૮૦ |
| ૧૨ | એરંડી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ૧૩ | સોયાબીન | ૮૦૦ | – |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૦૧૦ | ૧૦૯૦ |
| ૨ | તલ સફેદ | ૧૫૩૫ | ૧૭૭૫ |
| ૩ | જીરૂ | ૨૭૪૦ | ૩૬૫૦ |
| ૪ | ઘઉં | ૪૭૫ | ૫૦૫ |
| ૫ | ચણા | ૧૦૪૫ | ૧૧૨૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ઘઉં લોકવન | ૫૦૫ | ૫૬૧ |
| ૨ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૩૩ |
| ૩ | સોયાબીન | ૮૧૧ | ૮૪૦ |
| ૪ | ધાણા | ૧૦૫૦ | ૧૨૬૦ |
| ૫ | જુવાર | ૪૮૫ | ૪૮૫ |
| ૬ | ચણા | ૧૦૨૦ | ૧૧૪૦ |
| ૭ | તલ સફેદ | ૧૦૭૦ | ૧૯૬૫ |
| ૮ | તુવેર | ૯૪૦ | ૧૦૫૦ |
| ૯ | મગ | ૮૦૦ | ૮૦૦ |
| ૧૦ | મેથી | ૭૦૦ | ૭૦૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૯૦ | ૯૯૦ |
| ૨ | તલ સફેદ | ૧૬૬૦ | ૧૯૫૧ |
| ૩ | તલ કાળા | ૩૩૩૩ | ૩૩૩૩ |
| ૪ | તલ પીળા | ૧૯૦૦ | ૧૯૦૦ |
| ૫ | બાજરો | ૩૭૦ | ૫૩૪ |
| ૬ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૦૫ |
| ૭ | જુવાર | ૬૦૧ | ૮૮૦ |
| ૮ | મકાઈ | ૩૮૧ | ૩૮૧ |
| ૯ | મગ | ૧૫૮૯ | ૧૫૮૯ |
| ૧૦ | ચણા | ૭૦૦ | ૧૨૦૦ |
| ૧૧ | સોયાબીન | ૮૨૬ | ૮૩૫ |
| ૧૨ | અજમા | ૧૪૧૪ | ૧૬૫૨ |

# અમરેલી ખાતે બ્રહ્માકુમારીઝ, લાયન્સ કલબ, શાંતાબા મેડીકલ કોલેજ દ્વારા રકતદાન કેમ્પ યોજાયો



બ્રહ્માકુમારીઝના ભૂતપૂર્વ મુખ્ય પ્રશાસિકા રાજયોગિની દાદી પ્રકાશમણિજીની ૧૮મી પુણ્યતિથિને વિશ્વ બંધુત્વ દિવસ નિમિતે સંસ્થા રાષ્ટ્રિય સ્તરની 'રકતદાન મહાદાન અભિયાન' અમરેલી ખાતે તા ૨૪/૮/૨૫નેરવિવારનારોજસવારના ૯ કલાકે બ્રહ્માકુમારીઝદિવ્યઅનુભૂતિ ભવન કેરીયારોડ ગ્રીનપાર્ક સોસાયટી અમરેલી રકતદાન શિબિરના ઉદ્‌ઘાટન કાર્યક્રમમાંમુખ્યમહેમાનતરીકેઈફકોના ચેરમેન દિલિપભાઈ સંઘાણી તથા લાયન્સ કલબ અમરેલી સીટીના પ્રમુખ રૂજુલભાઈ ગોંડલીયા, પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયા, અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા, ડો. જી.જે. ગજેરા દિનેશભાઈ કાપડીયા જીતુભાઈ ડેર, જયંતિભાઈ પાનસુરીયા, ડો. દવેએ દિપ પ્રાગટય કરી રકતદાન શિબિરની શરૂઆત કરાવેલ આ સમયે સંસ્થાના મુખ્ય સંચાલિકા ગીતાબહેને સૌ પ્રથમ વિ કલ્યાણકારી શિવ પિતાનનુ આહવાન કરેલ. શ્રેષ્ઠ રકતદાન છે.રકતદાનમાનવકલ્યાણમાટેનીદિવ્ય યાત્રા છે. આ કાર્યને આપણે સૌભાગ્ય સમજીએ. સમગ્ર ભારત અને નેપાળના તમામનાનામોટાસેવાકેન્દ્રોધ્વારા૧લાખ યુનિટરકતભેંગુકરીભારતગિનિશવર્લ્ડ રેકોર્ડ બનાવશે. આ તકે મુખ્ય મહેમાન દિલીપભાઈ સંઘાણીએ જણાવેલ કે રકતદાનનો કોઈ વિકલ્પ નથી માણસને જીવન બક્ષે છે. આથી રકતદાન જરૂરી છે. બ્રહ્માકુમારીઝના કાર્યક્રમો વિ શાંતિમાટેનાહોયછે.સુખીથવુંબીજાને સુખીકરવાએવંદનીયછે.અહીઆવી મારી જાતને સદભાગ્ય ગણું છું. રકતદાન કરનાર તમામ ભાઈ બહેનો આયુષ્ય સંપુર્ણ તદુંરસ્ત પ્રાપ્ત કરે તેવી શુભેચ્છા. આ કાર્યક્રમનું સફળ સંચાલનબ.કુ.મિતાલીબહેનેકરેલ.સૌ પ્રથમ રકતદાન કરનાર બ્ર.કુ. કિજલબહેન, બ્ર.કુ અર્ચનાબેન, બ્ર.કુ. વસુધાબેન તથા સંસ્થાના ભાઈ બહેનોની લાંબી લાઈન લગાવેલ જોવા મળેલ. રકતદાન શિબિર દરમિયાન ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા પધારી રકતદાતાઓને પ્રોત્સાહિત કરેલ. શાંતાબા મેડીકલ કોલેજના સ્થાપક અને ઉદ્યોગપતિ વસંતભાઈ ગજેરા તથા વિદ્યાસભાના ચતુરભાઈ ખુંટ મુલાકાત લઈ આ કાર્યક્રમને ખૂબ જ મહત્વનો ગણી સમય આપી રકતદાતાઓને શુભેચ્છાઓ પાઠવેલ. કાયક્રમને સફળ બનાવવા માટે બ્રહ્માકુમારીઝના તમામ ભાઈ બહેનો લાયન્સ કલબ અમરેલી સીટીના તમામ સભ્યો શાંતાબા મેડીકલ કોલેજના તમામ મેડીકલ યુનિટના સભ્યો તથા નિમિષભાઈ બાંભરોલીયા બ્ર.કુ. બિમલભાઈ શેઠે ભારે જહેમત ઉઠાવેલ છે. આ લખાઈ છે ત્યા સુધીમાં ૧૦૦ યુનિટનું રકતદાન થઈ ગયું છે. તેમ ફિલ્ડ રીપોટર બ્ર.કુ. આઈ.પી. બાર્ડની યાદી જણાવે છે.

# જાફરાબાદ : દરિયામાં ૨૪ કલાક જીવ-મરણ વચ્ચે ફસાયેલા યુવકની આપવીતી



જાફરાબાદ, તા. ૨૫

અમરેલી જિલ્લાના દરિયાકાંઠા પર આવેલા જાફરાબાદના માછીમારો માટે દરિયો રોજગારનો મુખ્ય આધાર છે. દરિયો તેમને માછલી રૂપે રોજી-રોટી આપે છે, પરંતુ ક્યારેક એ જ દરિયો જીવ લેનાર તોફાન બની જાય છે. આવી જ એક ભયાનક આપવીતીનો સામનો કરવો પડ્યો હતો જાફરાબાદના યુવાન મનુભાઈ સોલંકીને, જેમણે દરિયામાં ૨૪ કલાક સુધી જીવ અને મોત વચ્ચે ઝઝૂમીને જીવતા કિનારે પરત ફરવાનો અનુભવ શેર કર્યો.

મનુભાઈએ જણાવ્યું કે, 'હું જાફરાબાદમાં રહું છું અને પેઢીથી માછીમારીનો ધંધો કઢં છું. રોજની જેમ અમે દરિયામાં માછલી પકડવા ગયા હતા. બધું સામાન્ય હતું, પરંતુ અચાનક વાતાવરણ બદલાઈ ગયું. આકાશમાં કાળા ડાઘલા છવાઈ ગયા, પવન એટલો તેજ હતો કે અમારા વહાણને સંભાળવું મુશ્કેલ બન્યું.

તેમણે કહ્યું કે, 'અમારી બોટ અચાનક બંધ પડી ગઈ. એ ક્ષણથી તો જીવ બચાવવો સેથી મોટો પ્રશ્ન બની ગયો. દરિયામાં ૪૦ ફૂટ જેટલા મોજાં ઉછળતા હતા, વીજળીના ચમકારા અંધકારને ચીરીને દરિયામાં પડતા હતા. એટલો મોટો અવાજ થતો હતો કે જાણે ધરતી કંપી રહી હોય.'

'અમે સતત ૨૪ કલાક દરિયામાં અટવાયેલા રહ્યા. એ ક્ષણો એવી હતી કેમાણસ ભગવાનને જ યાદ કરે. આંખોમાં આંસુ હતા અને દિલમાં માત્ર પ્રાર્થના હતી કે પરિવારને ફરી મળી શકું. વરસાદ એટલો ભારે પડતો હતો કે ૧૦ ફૂટ દૂર કોઈ વસ્તુ દેખાતી જ નહોતી. ત્રણ માળના મકાન જેટલા ઊંચા મોજાં અમારે સામે આવતાં હતા. બોટમાં પાણી ભરાઈ ગયું હતું, દરેક જણ ડરી ગયો હતો,' એમ મનુભાઈએ આંસુઓ રોકતાં જણાવ્યું.

તેમણે વધુમાં ઉમેર્યું કે, 'માણસો પોતે જીવ બચાવવા માટે વલખા મારતા હતા. દરિયામાંથી ધૂવાડાના ગોટા ઊઠતા હતા. એ દશ્ય જોઈને અમે સે ભયભીત થઈ ગયા. ૧૫ વર્ષથી દરિયામાં જાઉં છું, પણ ક્યારેય એવો દરિયો જોયો નહોતો.'

મનુભાઈ કહે છે કે, 'જયારે આશા તૂટતી હતી, ત્યારે એક બીજી બોટ અમારી બાજુમાંથી પસાર થતી જોવા મળી. તેમણે અમારી હાલત જોયી અને તરત જ મદદ માટે આગળ આવ્યા. જો તે બોટ ન આવી હોત, તો કદાચ આજે અમે જીવતા ન હોત. તેમના સહકારથી જ અમે સલામત દરિયા કિનારે આવી શક્યા. તેમણે ઉમેર્યુ કે, 'જીવતા ઘરે પરત આવ્યા ત્યારથી સમજાયું કે દરિયો માત્ર સાથીદાર જ નથી, પરંતુ ક્યારેક જીવ લેનારો કાળ પણ બની જાય છે. કુદરત સામે માણસ કેટલી નબળાઈ અનુભવતો હોય છે એનો સજીવ દાખલો હું સ્વયં છું.

આવી ઘટનાઓમાછીમારો માટે રોજિંદી ચિંતાનો વિષય છે. દરિયાના તોફાન સામે માણસની એક નાની બોટ કાગળની નેકા સમાન લાગે છે. radar, weather alert અને wireless અને ૂશયિહયતત જેવી સુવિધાઓ હોવા છતાં કુદરતી આફતો સામે સુરક્ષા ઘણીવાર નિષ્ફળ સાબિત થાય છે.

મનુભાઈની કહાની એ સાબિત કરે છે કે દરિયો ક્યારે સાથી બને છે અને ક્યારે દુશ્મન, એ કોઈ કહી શકતું નથી. રોજી-રોટી માટે દરિયો ખેડનાર માછીમારોનો જીવન સંઘર્ષ સહજ નથી. તેઓ રોજ ઘરેથી દરિયામાં નીકળે છે પણ પાછા ફરશે કે નહીં એની કોઈ ખાતરી નથી.

જયારે મનુભાઈ દરિયામાં સંકટમાં ફસાયેલા હતા, ત્યારે કિનારે તેમના પરિવારજનો સતત પ્રાર્થના કરતા હતા. 'અમે તો માત્ર ભગવાનને જ યાદ કરતા હતા કે તેઓ સલામત પાછા આવે,' એમ તેમના પરિવારના સભ્યો કહે છે. આખા ૨૪ કલાક પરિવાર માટે પણ ભયાનક ક્ષણો હતાં.આખી આપવીતી વર્ણવતા મનુભાઈએ અંતે કહ્યું કે, 'રામ રાખે તેને કોણ ચાખે. દરિયામાં જીવતો બચી ગયો એ મારા માટે નવજીવન જેવું છે. એ ક્ષણોમાં ભગવાન સિવાય કોઈ સહારો નહોતો. આજે જીવતો છું એ માત્ર તેમની કૃપા છે.

# અમરેલી ખાતે ઓ.ઈ.ગ્રા.ડા.સે. યુનિયનનું અધિવેશન યોજાયુ



અમરેલી, તા. ૨૫

જેમાં સેન્ટ્રલ હેડ કવાર્ટર (CHQ) નવી દિલ્હી તરફથી CHQ પ્રતિનિધિ અને મહારાષ્ટ્ર સર્કલના સેક્રેટરી એમ.ડી.આહીડે હાજર રહ્યા હતાં. આ ઉપરાંત ગુજરાત સર્કલના યુનિયનનાં તમામ ડિવિજનનાં પ્રમુખ અને સેક્રેટરી હાજર રહ્યા હતા. AIPEU ના સર્કલ સેક્રેટરી જી.ટી.રાઠોડ હાજર રહ્યા હતા.

આ અધિવેશનમાં ગુજરાત સર્કલ યુનિયનના પ્રમુખ તરીકે દિલીપભાઈ દવે અને ગુજરાત સર્કલ યુનિયનના સેક્રેટરી તરીકે સતત ત્રીજી વખત મનીષભાઈ વડિયા વિજયી થયાં હતાં.

આ અધિવેશનમાં મુખ્ય મુદ્દામાં યુનિયનનું સંગઠનને મહત્વ આપવામાં આવ્યું હતું. હાલ પોસ્ટલ ડિપાર્ટમેન્ટમાં ખાતાકીય ટાર્ગેટ બાબતે કર્મચારનું શોષણ થઈ રહ્યું છે અને કર્મચારીઓ આત્મહત્યા કરી રહ્યા છે. તે બાબતે યોગ્ય કાર્યવાહી કરીને દમનશાહી બંધ કરવા હાકલ કરવામાં આવી.અધિવેશનની સમાપ્તિમાં પૂર્વ પ્રમુખ રામભાઈ પ્રજાપતિ વયમર્યાદા નિવૃત્ત થતા અને તેમના જન્મદિવસની ઉજવણી કરવામાં આવી.

સર્કલ સેક્રેટરી મનીષભાઈ વડીયાએ તમામ ડિવિજનનો આભાર માન્યો હતો.

# અમરેલી : તા. ૩૦ તથા ૩૧ ઓગસ્ટે જિલ્લા કક્ષા કલા મહાકુંભ સ્પર્ધા

અમરેલી, તા. ૨૫

અમરેલી ખાતે તા.૩૦ તથા તા.૩૧ ઓગસ્ટ,૨૦૨૫ના રોજ જિલ્લા કક્ષા કલા મહાકુંભ સ્પર્ધા યોજાશે. તાલુકા કક્ષાએ પ્રથમ વિજેતા થનાર અને જિલ્લા કક્ષાની સ્પર્ધામાં સીધી એન્ટ્રી કરનાર સહિતના સ્પર્ધકો ભાગ લેશે.

યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના ઉપક્રમે અમરેલી જિલ્લા યુવા વિકાસ કચેરી અને અમરેલી જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી દ્વારા અમરેલી સિવિલ હોસ્પિટલ સામે છે તે કે.કે. પારેખ અને મહેતા આર.પી. વિદ્યાલય ખાતે તા.૩૦ ઓગસ્ટ, ૨૦૨૫ને શનિવારના રોજ સવારે ૯:૦૦ કલાકેથી લોકનૃત્ય, રાસ, સમૂહગીત, સુગમ સંગીત, લોકવાર્તા, કાવ્યલેખન, ગઝલ શાયરી, લગ્નગીત, ભરતનાટયમ, ચિત્રકલા સહિતની વિવિધ સ્પર્ધા યોજાશે.

તા.૩૧ ઓગસ્ટ, ૨૦૨૫ રવિવારના રોજ સવારે ૯:૦૦ કલાકે ક્રમશઃ ગરબા, શાસ્ત્રીય કંઠય સંગીત, એકપાત્રીય અભિનય, કથ્થક, લોકગીત-ભજન, દુહા, છંદ, ચોપાઈ, નિબંધ, વકતૃત્વ, તબલા, ઓરગન, હાર્મોનિયમ, સર્જનાત્મક, કારીગરી, સ્કૂલ બેન્ડ સ્પર્ધા યોજાશે. અમરેલી જિલ્લા કક્ષા કલા મહાકુંભમાં વિવિધ ૨૩ જેટલી કૃતિઓની પ્રસ્તુતિ થશે.

તાલુકા કક્ષાએ પ્રથમ વિજેતા કલાકાર અને સીધી જિલ્લા કક્ષાની સ્પર્ધામાં એન્ટ્રી કરી હોય તે સ્પર્ધક કલાકારને આ સ્પર્ધામાં ઉપસ્થિત રહેવું. આ અંગે વધુ વિગતો અને જાણકારી માટે અમરેલી જિલ્લા યુવા વિકાસ કચેરીનો સંપર્ક કરવો તેમ અમરેલી જિલ્લા યુવા વિકાસ અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

## ૨૬ ઓગસ્ટ, ''ઇન્ટરનેશનલ ડોગ ડે''

# મનુષ્યનો સૌથી વફાદાર મિત્ર એટલે કૂતરો

અમરેલી, તા. ૨૫

કૂતરા એ માણસોની સૌથી નજીક રહેતા પશુઓ છે. તેઓ માણસોને કાયમ વફાદાર રહે છે. કૂતરા એ માણસની ભાવનાઓને સારી રીતે સમજવાની ક્ષમતા ધરાવે છે. તેમની આ જ વફાદારીને મનાવવા માટે ૨૬ ઓગસ્ટે 'વર્લ્ડ ડોગ ડે' મનાવવામાં આવે છે. માણસના સૌથી પ્રિય મિત્ર તરીકે જાણીતા કૂતરા એ મનુષ્ય સાથે બિનશરતી પ્રેમ કરે છે.

'ઈન્ટરનેશનલ ડોગ ડે' મનાવવાનું ચલણ ૨૦૦૪માં અમેરિકાની કોલિન પેજ એ કર્યું હતું. તે સંરક્ષણવાદી, પશુ બચાવ અધિવકતા, ડોગ ટ્રેનર અને લેખિકા છે. આ દિવસ ઉજવવાનો મુખ્ય હેતુ એ હતો કે દરેક નસ્લના કૂતરાઓને સાચવવા માટે લોકો આગળ આવે. પ્રથમ 'આંતરરાષ્ટ્રીય ડોગ ડે' ૨૬ ઓગસ્ટ, ૨૦૦૪નાં રોજ મનાવવામાં આવ્યો હતો. ૨૦૧૩થી ડોગ દિવસને માન્યતા મળી અને દરેક દેશોમાં આ દિવસ મનાવવાની શરૂઆત થઈ. કોલિન પેજ એ ૨૬ ઓગસ્ટને જ ડોગ ડે તરીકે એટલે પસંદ કર્યું કારણ કે આ તારીખે તેમના પરિવાર એ પોતાના પહેલા કૂતરા' શેલ્ટી ' ને એક પશુ આશ્રય ગૃહમાંથી લાવીને અપનાવ્યું હતું. કેલીન પેજ ઘણા અન્ય નેશનલ દિવસો જેવા કે પપ્પી ડે, નેશનલ કેટ ડે, નેશનલ વાઈલ્ડ લાઈફ ડેના સંસ્થાપક પણ છે.

કૂતરા અને વ્યકિતના સંબંધમાં કેટલાય પ્રકારની શોધ થતી રહી છે. વૈજ્ઞાનિકોને શોધમાં જાણવા મળ્યું છે કે કૂતરાં પાળવાથી વ્યકિતની ફિઝિકલ એકિટવિટી વધે છે. જેના કારણે આબેસિટી અને ડાયાબિટીસ થવાનું જોખમ પણ ઘટી જાય છે. આ જ કારણ છે કે કૂતરાં મનુષ્યના સારા મિત્ર હોય છે. મનુષ્યોમાં મિત્રતા પાછળ હંમેશા કોઈને કોઈ સ્વાર્થ તો હોય જ છે, પરંતુ કૂતરા કોઈ પણ બાબતે સ્વાર્થી નથી હોતા. કૂતરા નિસ્વાર્થ ભાવથી પોતાના માલિકને પ્રેમ કરતાં હોય છે અને તેના બદલે માલિક પાસેથી પણ માત્ર પ્રેમની જ આશા રાખતા હોય છે. કોઈ પણ સંકટ અથવા મુશ્કેલ સમયમાં કૂતરા પોતાના માલિકનો જીવ બચાવવા માટે પોતાનો જીવ ગુમાવવા માટે પણ તૈયાર



હોય છે. કૂતરા આંખો જોઈને માણસોના હાવભાવ ઓળખી લેતા હોય છે.૧ વર્ષની ઉંમરનો કૂતરો એટલો મોટો હોય છે જેટલો ૧૫ વર્ષનો એક બાળક હોય અને કૂતરા ૨ વર્ષના બાળક જેટલા સમજદાર થઈશકે છે અને તેઓ ૧૫૦ શબ્દ પણ શીખી શકે છે. કૂતરાની સૂંઘવાની શકિત પણ માણસથી સુંઘવાની શકિત કરતા૧૦૦૦ ગણા વધારે હોય છે. માંદી કૂતરીઓ પોતાના ગર્ભમાં ૬૨ દિવસ બાળકોને રાખે છે. 'કૂતરાથી સાવધાન' એવી ચેતવણી પ્રાચીન રોમના એક શહેરના દરવાજા પર સૌપ્રથમ વાર લખેલી મળી હતી. કૂતરાઓનું પ્રાચીન કાળથી જ અનેરૂ મહત્વ છે. આપણા પૂર્વજો એમ કહેતા કે પહેલી રોટલી ગાયની અને બીજી રોટલી કૂતરાની. જેનો અર્થ હતો કે કૂતરા ફીમાં ઝેડ પ્લસ સિકયોરિટી આપે છે તેથી તેમનું રક્ષણ, પોષણ કરવું એ આપણી જવાબદારી છે. મહાભારતનાં સમયમાં યુધિષ્ઠિર જયારે પોતાના ભાઈઓ અને પત્ની દ્રોપદી સાથે સ્વર્ગ સુધી જઈ રહ્યા હતા ત્યારે ભાઈઓ અને પત્નીનાં મૃત્યુ બાદ કૂતરો જ હતો જે પહેલેથી અંત સુધી એમની સાથે રહ્યો હતો. ૮૪ લાખ યોનિના ફેરાઓમાં કૂતરાનો જન્મ એ છેલ્લો જન્મ કહેવાય છે. વર્તમાન સમયમાં તો કૂતરા પર ફિલ્મો પણ બનવા લાગી છે. ૭૭૭ ચાર્લી ાનની વફાદારી પર બનેલી ફિલ્મ ઘણી ચર્ચાયેલી છે.પાલતું કૂતરાઓની સાથે સાથે શેરી, ગલીમાં રખડતા કૂતરાઓને પણ એટલું જ મહત્વ આપવું જોઈએ કારણ કે એ તો કોઈ પણ પ્રકારનું વળતર લીધા વગર સતત સ્કીયોરીટી ગાર્ડની ભૂમિકા ભજવે છે. સ્ટ્રે ડોગ્સને પણ પાલતું કૂતરાઓની જેમ જ સાચવીને તેમને દરરોજ દૂધ અને રોટલા ખવડાવવા જોઈએ.

– મિત્તલ ખેતાણી
(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

# સા.કુંડલા ખાતે વિદ્યાર્થીઓના કૌશલ્યવર્ધન માટે ફિનિશિંગ સ્કૂલનો પ્રારંભ




સાવરકુંડલા, તા. ૨૫

ઓગસ્ટ૨૦૨૫સોમવારના રોજ સાવરકુંડલા સ્થિત નુતન કેળવણી મંડળ સંચાલિત વી.ડી. કાણકીયા આટર્સ અને એમ.આર.સંઘવી કોમર્સ કોલેજ ખાતે તૃતીય વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના કૌશલ્યવર્ધન માટે સરકાર ધ્વારા પ્રાયોજિત અને કે.સી.જી. સંચાલિત ફિનિશિંગ સ્કુલ અંતર્ગતી Life SKillS નામના પ્રોગ્રામનો પ્રારંભ થયો છે. જેના શુભારંભ પ્રસંગે કોલેજના પ્રિન્સિપાલ ડો. એસ.સી. રવિયા, વાઈસ પ્રિન્સિપાલ પ્રોફે રીંકુબેન ચૌધરી, અંગ્રેજી વિભાગના અધ્યક્ષ તથા ફિનિશિંગ સ્કુલના કો-ઓર્ડીનેટર ડો.ડી.ડી. ભટ્ટ તથા ડો. કલ્પેશ રાડીયા અને ડો. હાર્દિક ઉદેશી તથા પ્રોફે ભુમિકાબેન વાઘેલા વગેરેની પ્રેરક ઉપસ્થિતિ રહી.

વિદ્યાર્થીઓને પ્રશિક્ષિત કરવા માટે મિલીબેન જેઠવાણી ઉપસ્થિત રહ્યા. પ્રિન્સિપાલ રવિયા પ્રાસંગિક ઉદબોધન કર્યુ હતું. ડો.હાર્દિકભાઈ ઉદેશીએ ટ્રેઈનર મિલીબેન જેઠવાણીનો પરિચય આપ્યો હતો. ડો.ડી.ડી. ભટ્ટ આ કોર્સની મહત્તા વિશે જણાવ્યું હતું. આ કોર્સમાં ૩૦ ભાઈઓ અને ૩૦ બહેનો એમ કુલ ૬૦ વિદ્યાર્થીઓ જોડાયા છે. આ પ્રશિક્ષણ વર્ગ આશરે ૨૦ દિવસ ચાલશે.

## જી.આઈ.ડી.સીમાં જમીનના અભાવે ઔધોગિક સાહસિકો હેરાન પરેશાન

# બાબરા : જમીન મેળવનારા અનેકે ઉધોગ શરૂ નથી કર્યા અને ઉધોગ ઇચ્છુકોને જમીન નથી મળતી

### ઉધોગ માટે વધુ જમીન ફાળવવા તાલુકા કોંગ્રેસ દ્વારા માંગ ઉઠી

બાબરા, તા. ૨૪


બાબરા તાલુકો ઓદ્યોગિક પછાત તાલુકાનું વર્ષો સુધી ભારણ રહ્યા બાદ તાલુકામાં કોંગ્રેસ સરકાર સમયે બે જીઆઈડીસીની મંજુરી મળેલી જેમા ભાવનગર રોડ ઈન્ડસ્ટ્રીઝ ઝોન અને નીલવડા રોડ ડાયમંડ જોન તરીકે સ્થાપિત કરવામાં આવેલી હતી પરંતુ ડાયમંડની ચળકાટ ઓછા વધુ અંશે રહેતા ડાયમંડ જોનમાં કોઈ ઉદ્યોગ સાહસિકે જોઈએ તેવો રસ નહિ દાખવતા અન્ય ઉદ્યોગ વીરોએ જુદા જુદા રોજગાર માટે મામુલી ભાવે પ્લોટ રાખી તુટક તુટક વ્યવસાય શરૂ કર્યા બાદ બાબરા તાલુકો કપાસની ખેતીમાં અવ્વલ દરજ્જે પહોચતા સ્થાનિક સાહસિકોને જીનીંગ માટે જમીનો નહિ મળતા મસ મોટી ખાનગી માલિકીની જમીનો નોન એગ્રીકલ્ચર કરાવી ૩૫ જેટલા જીનીગ સ્થપાયા છે હાલ બાબરાની બંને જી.આઈ.ડી.સીમાં પ્લોટ મળવા મુશ્કેલ હોવાથી ઉદ્યોગ રસ ધરાવતા સાહસવીરો માટે જમીન મેળવવા સ્થિતિ વણસી છે જેના કારણે બાબરાનો વિકાસ રૂંધાઈ રહ્યાની રજુઆત સાથે ખાલી પડેલા અને સરકારમાંથી જમીનો મેળવી વરસો સુધી ઉદ્યોગ નહિ શરૂ કરનારા આસામી અંગે તપાસ કરી શરતો આધીન પ્લોટ ખાલસા કરાવી અને ઈચ્છુકોને ફાળવવા તથા બાબરા તાલુકાના વિકાસ માટે ઉદ્યોગિક એકમ માટે વિશેષ જમીન ફાળવવા બાબરા તાલુકા પુર્વ કોંગ્રેસ પ્રમુખ બિપીનભાઈ વસાણી દ્વારા રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને પત્ર દ્વારા રજુઆત કરવામાં આવી છે.

પત્રમાં જણાવ્યા મુજબ બાબરા તાલુકામાંથી ઉત્પાદિત કપાસ અને રૂની માંગ રાજયના સીમાડાવટી આંતરરાજય સુધી પહોચી છે ત્યારે રૂ માંથી દોરા બનાવવા સ્પીનીંગ મીલો, ખાદ્ય ઓઈલ તેલ સહિત ઓટો, ઈલેક્ટ્રિક, રબર મેન્યુફેકચરિંગ માટે બાબરા તાલુકાના ઉદ્યોગિક જગત આગળ વધવા માગી રહ્યાં છે જેમાં ઘર બેઠા રોજગારીની તકો મળતા સાહસવીરોને તાલુકો છોડવાની નોબત નહિ આવે તેમ જણાવ્યું છે અન્યથા વ્યવસાયિક ખોજ માટે ઉદ્યોગવીર ભટકતો રહેશે તેમ અંતમાં જણાવ્યું છે.

## ધારાસભ્ય જનક તળાવીયાની જહેમતથી

# લાઠી : હરસુરપુર-વાંડળીયા માર્ગ ઉપર ૩.૧૫ કરોડનાં ખર્ચે માઈનોર બ્રીજ બનશે

### ગામજનો, વાહનચાલકોમાં ખુશીનો માહોલ



લાઠી, તા. ૨૫

લાઠી તાલુકાના હરસુરપુર ગામને વાંડળીયા ગામ સાથે જોડતા માર્ગ પર અંદાજિત ૩.૧૫ કરોડના ખર્ચે માઈનોર બ્રિજ બનાવવાની મંજૂરી મળી છે. સ્થાનિક ધારાસભ્ય જનક તળાવિયાના પ્રયાસોથી આ બ્રિજ મંજૂર થતા સ્થાનિક લોકોમાં ખુશીની લાગણી જોવા મળી રહી છે. વર્ષોથી આ માર્ગ પર ચોમાસા દરમિયાન હરસુરપુર અને આસપાસના ગામોના લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડતો હતો. આ સમસ્યાને ધ્યાનમાં રાખીને લાઠી-બાબરાના ધારાસભ્ય જનક તળાવિયાએ રાજય સરકારમાં રજૂઆત કરી હતી.

ધારાસભ્યની સતત રજૂઆતો અને પ્રયાસોને પરિણામે, રાજય સરકારે આ માઈનોર બ્રિજ માટે ૩.૧૫ કરોડની માતબર રકમ ફાળવી છે. આ બ્રિજ બનવાથી વાહનચાલકો અને રાહદારીઓને અવરજવર માટે સરળતા રહેશે અને ચોમાસામાં થતી મશ્કેલીઓનો અંત આવશે.

## ''રઘુવંશી કા રાજા''નાં ઉત્સવને લઈને ઉત્સાહ

# બાબરા ખાતે શ્રી જલારામ મંદિરમાં ગણેશોત્સવની કરાશે ભવ્યાતિભવ્ય ઉજવણી

### રઘુવીર સેના દ્વારા તડામાર તૈયારીઓ



અમરેલી, તા. ૨૫

રઘુવશીસેના બાબરા ધ્વારા જલારામ મંદિર બાબરા ખાતે ગણેશ ઉત્સવ ૨૦૨૫ રઘુવંશી કા રાજાનું અતિ ભવ્ય આયોજન યોજવામાં આવેલ છે.

બાબરા લોહાણા સમાજનું સંગઠન મજબુત કરવા અને સમાજની એકતા લાવવાના ભાગરૂપે રઘુવંશી સેના બાબરા ધ્વારા અનેક જ્ઞાતિ ઉપયોગી અને જ્ઞાતિના સંગઠનને મજબુત કરવાના કાર્યક્રમ યોજવામાં આવી રહ્યા છે. ત્યારે ગત વર્ષે પણ રઘુવંશી સેના બાબરા ધ્વારા ગણપતિ ઉત્સવનું જે ભવ્ય આયોજન કરેલ હતું. તે અનુરૂપ આ વર્ષે પણ રઘુવંશી કા રાજા ભગવાન શ્રી ગણેશનું સ્થાપનનું ભવ્ય આયોજન યોજવામાં આવેલ છે.

પાંચ દિવસના ભવ્ય આયોજનમાં તારીખ. ૨૭/૮/૨૦૨૫ ના રોજ સ્થાપના પુજન અને રાત્રે બાબરા લોહાણા સમાજના બાળકો માટે સંગીત ખુરશી અને લીંબુ ચમચીની સ્પર્ધાનું આયોજન તારીખ ૨૮/૮/૨૦૨૫ ના રોજ બાબરા લોહાણા સમાજના પરિવારના રાસ ગરબા તારીખ.૨૯/૮/૨૦૨૫ના રોજ રાત્રે બાબરા લોહાણા સમાજના બાળકો માટે કોથળા દોડ અને ફુગ્ગા ફુલાવવાની સ્પર્ધા તથા તારીખ. ૩૦/૮/૨૦૨૫ ના રોજ સાંજે બાબરા લોહાણા સમાજની સમુહ આરતી અને રાત્રે ભગવાન શ્રી સત્યનારાયણની કથાનું ભવ્ય આયોજન કરેલ છે. અને તારીખ. ૩૧/૮/૨૦૨૫ ના રોજ સવારે ભગવાન શ્રી ગણેશની પુજન કરી અને વાજતે ગાજતે વિસર્જન કરવામાં આવશે.

સમગ્ર કાર્યક્રમને બાબરા રઘુવીર સેનાની સમગ્ર ટીમ આખરી ઓપ આપી રહી છે. અને રઘુવીર સેનાની ટીમ ધ્વારા બાબરા લોહાણા સમાજ માટે સરસ્વતી સન્માન સમારોહ, ગણેશ ઉત્સવ સહિતના અનેક જ્ઞાતિ હિતના કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. જે બાબતે બાબરા લોહાણા મહાજન અને જય જલારામ ટ્રસ્ટ અને દાતા સહિત જ્ઞાતિજનોનો પુરતો સહયોગ પ્રાપ્ત થયેલ છે.

